પાટણનું ગૌરવ



શ્રી પંચાસરા પાર્શ્વનાથજી જિનાલય

# પાટણ પ્રતિબિંબ

વર્ષ ૯ • અંક ૧૧ • સળંગ અંક ૧૦૬ • મુંબઈ • સપ્ટેમ્બર ૨૦૧૫ • પાના ૨૪
• છૂટક નકલ રૂા. ૨/- • RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

ટેલિફોન : 2281 1346 • 22811218 • Mobile: 9167902267 • www.patanmandal.org • Email : patanmandal@gmail.com



## પ્રમુખ સ્થાનેથી...

પાટણ સમાજની પ્રગતિ માટે આપ સૌએ જે રીતે દાનનો પ્રવાહ વહેવડાવ્યો છે તે માટે હું અને મારા સહકાર્યકરો આપનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.

એપ્રિલ મહિનામાં અમે જ્યારે શરૂઆત કરી ત્યારે મંડળની આવક વ્યાજ પેટે રૂા. ૧.૪ કરોડ હતી. શિક્ષણ અને મેડીકલના વધતા જતા ખર્ચને પહોંચી વળવા અમે લગભગ બમણી રકમ આપવાનું વિચાર્યું. મને જણાવતા આનંદ થાય છે કે, પહેલા છ મહિનામાં જ અમે રૂા. ૧.૨૦ કરોડ એકત્રિત કરી લીધા છે અને ઘણા વચનો મળેલ છે તે ટૂંક સમયમાં મંડળમાં દાન રૂપે મળશે.

દાતાશ્રીઓનો આટલો બધો ઉત્સાહ જોતાં મને લાગે છે કે, આપણા મધ્યમ વર્ગના જરૂરિયાતવાળા પરિવારોની આવશ્યકતાઓને આપણે સારી રીતે પહોંચી શકીશું.

પાટણ સમાજના આર્થિક સહયોગથી મોટા ભાગના પરિવારોને અમે લાભ પહોંચાડી રહ્યા છીએ. આ ઉપરાંત મંડળના કાર્યક્રમો પણ વ્યવસ્થિત થઈ રહ્યા છે અને તેની ગુણવત્તામાં પણ ખૂબ જ સુધારો થઈ રહ્યો છે.

પ્રતિબિંબના આ અંકમાં ''બોર્ડ ઓફ ડીરેકટર્સ''નો આપને પરિચય કરાવીએ છીએ, જેઓ સફળ અને અનુભવી છે અને પાટણ સમાજના હિતચિંતક છે અને ભવિષ્યમાં પાટણ સમાજને નવી ઉંચાઈ પર લઈ જવા સમર્થ છે.

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ત્રીજું)

## From President's Desk...

My colleagues and I are thankful to the Donor Community of Patan who have readily come forward to help in this unenviable task of rejuvenating the Patan Samaj.

We have started our term with the objective of doubling the reliefs that the Mandal has been providing every year. Apart from interest income of Rs 1.4 crores, we had decided to collect another Rs 1.5 crores this year itself, for meeting our ambitious targets of reliefs. We are extremely delighted to inform you that in these first 6 months, we have already received donation of Rs 1.20 crores this year.

With the enthusiastic support from all Patan Donors, the task of serving the needy families of middle income level will be fulfilled. Help for Education and Medical will continue to be our focused areas. Due to this greater inflow of funds, Mandal has been able to improve the benefits to members as well as enhance the quality of each of our programs.

Our Aim has been to tie-up and involve the entire Society at all levels and therefore programs for Youth, Senior Citizens and Donors have received enthusiastic support from each quarter.

(Cont'd on Pg 3)



# પ્રોગ્રામ સમિતિ, જીવન મહેક અને વિલેપાર્લે ચેપ્ટર

સહર્ષ રજૂ કરે છે...

# દાંડિયા રાસની રમઝટ






જુહુ રોડ નં ૧ ના પ્રખ્યાત મનીષ પારેખ ડ્રમ બીટ્સના ૨૦ થી વધુ સાજીંદાઓ

***Saturday, 10-10-2015, 6.00 pm onwards***

**Jasoda Rang Mandir Ground, Vile Parle (W), Mumbai**

# શ્રી પાટણ જૈન મંડળ

## Musical Evening Highlights

- You will be delighted to Meet, Greet & Mingle.
- Dance to the Popular tunes of પ્રસિદ્ધ મ્યુઝિકલ ઓરકેસ્ટ્રાના સથવારે
- 2 Nos. Large LED Video Screens
- Enjoyable time to spend with family, friends & relatives
- Just 3 days prior to Navratri
- Win Fabulous Prizes for Best Dress & Dance
  (Microwave Oven, Mixtures & Other Appliances)

For registration before 5 Oct., admission is Rs. 100 per person.
For registration after 5 Oct., admission is Rs. 200 per person.

**Send your Name & Mobile by SMS on 9167902267 or Email at patanmandal@gmail.com**

*Sponsored by Families of :*

Shri Rameshchandra Chhabildas Jhaveri, Trustee of PJM
Shri Daneshbhai Vinodchandra Matliwala, Vice President of PJM

## પ્રમુખસ્થાનેથી... (અનુસંધાન પૃષ્ઠ પહેલાથી ચાલુ)

**રવિવારે ૧લી નવેમ્બરે પાટણ જૈન મંડળના પાટણના તમામ ક્ષેત્રના ડોક્ટર્સ - જનરલ પ્રેક્ટીસનર્સ અને સ્પેશિયાલિસ્ટનું એક સ્નેહ૧૧ મિલન આયોજીત કરેલ છે.** આ માટે બોમ્બે હૉસ્પિટલ, મરીન લાઈન્સ ખાતે પાટણના તમામ ડૉક્ટર્સને આવવા માટે મેડીકલ કમિટિ વતી હું આપને આમંત્રણ આપું છું. પાટણ મંડળ એક **''મેડીકલ હેલ્પ લાઈન''** ચાલુ કરવા માંગે છે જેના દ્વારા આપણા પરિવારોને સમાજના નિષ્ણાંત ડૉક્ટર્સનું માર્ગદર્શન મળશે. આજે મેડીકલના દિનપ્રતિદિન વધતા જતા ખર્ચને કઈ રીતે પહોંચી વળવું તે અંગે પણ ચર્ચા થશે.

મને જણાવતાં આનંદ થાય છે કે, શ્રી પાટણ પાંજરાપોળ નરીમાન પોઈન્ટ ખાતે ભાભા ઓડીટોરીયમમાં સંગીતના કાર્યક્રમનું આયોજન ૧ નવેમ્બર, રવિવાર સાંજે કરી રહી છે. ૨૫૦૦ જેટલા પશુઓને પાટણ પાંજરાપોળમાં શાતા આપવાનું મહાન કામ કરવામાં આવી રહ્યું છે. માંદા અને વૃદ્ધ પશુઓની અદ્યતન પદ્ધતિથી સારવાર આપવાનો ઈરાદો છે. **જીવદયાના આ પુણ્ય કાર્યમાં સહભાગી થવા હું આપ સૌને વિનંતી કરું છું.**

સંસ્થા અને સમાજની અનેકવિધ પ્રવૃત્તિઓ થકી વિવિધ કાર્યોના આયોજનો હાથ ધરવામાં આવેલ છે, જાણ્યે અજાણ્યે કંઈપણ ઉણપ રહી હોય કે અજાણ પણે મારાથી કે મારા સર્વ કાર્યકરોથી કોઈને મનદુ:ખ થયું હોય, વાણી, વર્તન કે વ્યવહારથી આપના હૃદયને દુભાવ્યું હોય તો મહા સંવત્સરીપર્વ પ્રસંગે અમો સૌ ક્ષમા પ્રાર્થીએ છીએ.

**खामेमि सव्वजीवे, सव्वे जीवा खमंतु मे।**
**मित्ती मे सव्वभूएसु, वेरं मज्झं न केणई।।**

**મિચ્છામી દુક્કડમ્**

❑ દિનેશ શાંતિલાલ શાહ

## FROM PRESIDENT'S DESK... (Cont. from Page 1)

**On Sunday,1st Nov, we have organised a get-together of Patani Doctors -** General Practitioners and Specialists to attend the Seminar at Bombay Hospital. This will be an unique opportunity for all Doctors to meet and do net-working amongst them and with Mandal. This opportunity will also be utilized by Mandal for starting **Medical Help Line** where all Members can freely and confidentially discuss their health problems with the experts. Not only they will be correctly guided but Mandal, utilizing its resources, will enable cost effective and efficient treatment for the patients.

In this issue, we have highlighted the **Board of Directors which consists of Visionary, Influential and Resourceful Leaders of our Samaj** who will guide and help in providing Patanis to lead a better life.

Shree Patan Panjrapole has also organised a Musical Evening with great Fusion Music Artist Mr. Nilandari Kumar on Sunday, 1st November at Bhabha Auditorium, NCPA, Nariman Point. Their Advertisement appears on Page 23 of this issue of Pratibimb. This gives us an opportunity to collect funds for the much required and ***Punya uparjit*** activity of Jiv Daya. I urge all members to participate whole heartedly for this Jiv Daya Program.

My colleagues and I at Shree Patan Jain Mandal deeply and sincerely regret any ill-feelings or misunderstandings which might have been created knowingly or unknowingly through our actions or omissions. Please sincerely accept our ***Michchhami Dukkadam.***

❑ Dinesh Shantilal Shah

# દાંડિયા રાસ

**ગ્રાઉન્ડ કેપેસીટીની અનૂકુળતા મુજબ જ પાસ વિતરણ કરાશે ''વહેલો તે પહેલોના ધોરણે''**
**આજેજ આપના ડોનેશન પાસ રૂા. ૧૦૦/- વ્યક્તિ દીઠ ભરી મેળવી લેશો.**

## પ્રવેશ પાસ વિતરણ સ્થળ તથા સમય

| મરીનડ્રાઈવ | વિલે પાર્લે | ગોરેગાવ | બોરીવલી |
|---|---|---|---|
| શ્રી પાટણ જૈન મંડળ<br>૭૭, પાટણ જૈન મંડળ માર્ગ,<br>મરીન ડ્રાઈવ, મુંબઈ-૨૦<br>ફોન: ૨૨૮૧૧૩૪૬<br>સમય: ૧૧.૦૦ થી ૧.૦૦<br>૨.૦૦ થી ૬.૦૦ | શ્રી જનકભાઈ અરવિંદભાઈ શાહ<br>બીજે માળે, ૧૦, વિભાવશુ<br>તેજપાલ રોડ, વિલે પાર્લે (ઈ),<br>મુંબઈ - ૪૦૦૦૫૭<br>ફોન: ૨૬૧૧૪૭૬૫ | શ્રી પાટણ જૈન મંડળ<br>રૂપમ, ૧૫૨, જવાહરનગર,<br>ગોરેગામ (વે), મુંબઈ -૬૨<br>ફોન: ૨૮૭૭૬૦૯૦<br>સમય: ૯.૩૦ થી ૧૨.૩૦<br>૪.૦૦ થી ૭.૦૦ | એ-૨૩/૧, રતનનગર,<br>દીપ નારાયણ દુબે માર્ગ,<br>બોરીવલી (ઈ), મુંબઈ-૬૮<br>ફોન: ૨૮૯૧૧૩૦૮<br>સમય: ૯.૩૦ થી ૧૨.૩૦<br>૩.૩૦ થી ૬.૩૦ |

**નાગદેવી** ➡ મે.એલીગન્ટ સ્પેર્શ એન્ડ સર્વીસ - ૧૩૦ નાગદેવી સ્ટ્રીટ, મુંબઈ - ૩. ફોન : ૨૩૪૪૧૦૧૮/૨૩૪૨૦૮૯૭

## તંત્રીસ્થાનેથી...

# "ક્ષમાનું દાન... ભાંગે ભવના ફેરા"

**પ્રિય આત્મબંધુઓ,**

**પર્વાધિરાજ પર્યુષણ પર્વ એ આત્માની નજીક જવાનું, આત્માને શોધવાનું પર્વ છે.** સામાન્ય રીતે જો ગહનતાથી વિચારીએ તો આ પર્વની ઉજવણી બારે મહિના થવી જોઈએ અને કરવી જોઈએ. **નવકાર મંત્રનો જેટલો મહિમા છે તેટલો જ મહિમા ક્ષમાપનાનો છે આ સર્વશ્રેષ્ઠ મૂળમંત્ર છે.** પરંતુ ભૌતિક સુખોની વચ્ચે રહેતાં આપણને આનો મહિમા સમજાતો નથી. પર્વાધિરાજની પધરામણી થાય કે તરત જ જૈનો - અજૈનો સૌને **'મિચ્છામિ દુક્કડમ્'**ની યાદ આવી જાય. ઘણાં શ્રાવકો પર્યુષણ પર્વની આરાધના કરતાં પહેલા જ સૌને 'મિચ્છામિ દુક્કડમ્' કરી લેતાં હોય છે.

આપણા સૌને માટે ૩૬૦ દિવસમાં સૌથી ઉત્તમ, સર્વ શ્રેષ્ઠ અને મહત્વનો દિવસ છે. સંવત્સરી મહાપર્વ - ભાદરવા સુદ ૪નો દિવસ આપણા ઘરને રંગવાનું અને સજાવટ કરવાનું કામ દિવાળીએ થાય. પરંતુ દિલને પ્રેમથી રંગી દેવાનું અને આત્માને શુદ્ધ મૈત્રીપ્રેમથી રંગી દેવાનું કામ સંવત્સરી જેવા મહાન દિવસે થાય.

ક્ષમા એ તૂટેલા બે દિલને સાંધવાનું કામ કરે છે. હંમેશા મનદુઃખ કે ઝઘડો નજીકની વ્યક્તિ સાથે જ થાય છે, પણ આ દિવસે તમામ વેરઝેર ભૂલી જઈને ક્ષમાપના કરવાની છે. સ્વની સાથે - સર્વની સાથે અને સર્વજ્ઞની સાથે ક્ષમાપના કરવાની છે. આપણે સૌ તો મહાવીરના સંતાનો છીએ તો એમનો સંદેશ તો જરૂરથી માનવો જ જોઈએ ને ?

ક્ષમાપનાથી તમામ પ્રકારના વેર-વિરોધ-વિખવાદ સમાપ્ત થઈ જાય છે.

ભગવાન મહાવીરે તેમના વચનો દ્વારા કહ્યું હતું કે, **માનવજીવનમાં જ્યાં જ્યાં સમજણ શક્તિ અને સહનશક્તિનો અભાવ હશે** ત્યાં અશાંતિની હોળી સળગશે તેથી આ બે ગુણો તો સર્વ પ્રથમ આપણા સ્વભાવમાં, આચરણમાં કેળવી લેવાના છે.

**'Let go અને Let God' નો ભાવ હશે તો જીવન જીતી જશો પણ અંદરમાં ક્યાંય કોઈપણ એક ખૂણે એક જીવ પ્રત્યે વેરનો ભાવ રહી જશે તો જીવન હારી જશો. સમ્યગ્દર્શન ચાલ્યું જશે અને ભવપરંપરા વધી જશે.**

**"ન રાખીએ વેરની ગંદકી, ચાર દિનની આ જિંદગી, મૈત્રીભાવની ખુશ્બુ ફેલાવી, કરીએ ક્ષમાની ઉત્તમ પસંદગી."**

મિત્રો ! એક માત્ર જૈન ધર્મના આચારમાં આવશ્યક ક્રિયા દ્વારા બતાવવામાં આવેલી પ્રતિક્રમણની અદ્‌ભુત ક્રિયા એ જ મૂળમાં તો ક્ષમાપનાનો આધાર છે. સવાર - સાંજના દૈનિક, પાક્ષિક, ચાતુર્માસિક અને સંવત્સરિક પ્રતિક્રમણ દ્વારા આપણને વારંવાર ક્ષમાપનાની ક્રિયા દ્વારા આપણો ભવ બગાડતા અટકાવ્યા છે. સૃષ્ટિના છ એ કાયના જીવોની ક્ષમા માંગવાની ઉત્તમોત્તમ તક આપવામાં આવી છે, યાદ કરો તો કેટલાં બધા સૂત્રો આપણને આપ્યા છે સર્વ જીવોને ખમાવવા માટે.

આવશ્યક સૂત્ર જેનું બીજું નામ છે ખામણા સૂત્ર. આ સૂત્રની ત્રણે ગાથાઓ દ્વારા શાસ્ત્રકારોએ સમસ્ત જીવરાશિની બે હાથ જોડી, નત મસ્તકે હૃદયમાં ધર્મભાવ ધારણ કરીને ક્ષમા માંગવાનું બતાવ્યું છે કે જેથી અજાણતા પણ કોઈ જીવની ક્ષમા માંગવાનું રહી ન જાય.

**सव्वस्स जीवरासिस्स, भावओ धम्मनिहिअ निअ चित्तो।**
**सव्वं खमावईता खमामि सव्वस्स अहयंपि।।**

આમ જેઓ પહેલાં બતાવેલા પ્રકારો ચૂકી જાય તો છેવટે સંવત્સરિક ક્ષમાપના તો દરેકે દરેક નાના-મોટા સૌએ અવશ્ય કરી જ લેવી જોઈએ. ક્ષમાપના માંગવામાં નાના-મોટાનો કોઈ ભેદભાવ રહેતો નથી. સમ્યક્ત્વની પ્રાપ્તિ માટે અને કષાયોની મંદતા માટે ક્ષમાના તત્વને જીવનમાં ઉતારવાની આવશ્યકતા છે.

ભૂલ તો બધાની થાય, પણ ક્ષમા બધા માંગતા નથી, પરંતુ જેઓ ક્ષમા માંગે છે અથવા બીજાને ક્ષમા આપે છે તેના જીવનમાં દૈવી અંશો પ્રગટ થાય છે.

**To err is human, but to forgive is divine.**

**સંવત્સરીની સલુણી સંધ્યાએ પ્રતિક્રમણ કરતાં પહેલાં સર્વ જીવોને ત્રિકરણ યોગે ખમાવતા અમે શ્રી પાટણ જૈન મંડળના હોદ્દેદારો અને સર્વે કારોબારી સમિતિના સભ્યો આપ સૌને પણ ખમાવીએ છીએ.**

જાણતા - અજાણતા આપ સૌની સાથે કોઈપણ પ્રકારે મન દુઃખ થયું હોય તો મન, વચન કાયાથી 'મિચ્છામી દુક્કડ્‌મ' કરીએ છીએ આપ સૌ ક્ષમા આપશો.

હકીકતમાં ક્ષમાપના એ પર્યુષણ પર્વનો પ્રાણ છે. ક્ષમા આપવી અને ક્ષમા માંગવી એ પર્યુષણમાં એક કર્તવ્ય બની રહે છે. ક્ષમા આપવી એ એટલી સરળ નથી એટલે જ તો **"ક્ષમાવીરસ્ય ભૂષણમ્"** કહેવાય છે. વીર હોય તેજ ક્ષમા આપી શકે અને ક્ષમા માંગી શકે.

**ક્ષમા છે શીતલ ઝરણું, મંગલ ઉત્તમ એનું શરણું,**
**'ક્ષમા-ક્ષમા'નો નાદ ગજાવો અંતરના ઉલ્લાસે વધાવો.**
**મૈત્રીતણુ માધુર્ય વહાવો, ક્ષમા તીરે સૌ હળીમળી આવો...**

❑ **સંપાદક સમિતિ**

### શ્રી બોરીવલી, દહીંસર પાટણ જૈન મિત્ર મંડળ

### શુભારંભ

ઉપરોક્ત મિત્ર મંડળના ઉપક્રમે શુભારંભ સમારોહનો એક કાર્યક્રમ આગામી **તા. ૪-૧૦-૨૦૧૫ના રવિવારના રોજ સવારે ૯.૩૦કલાકથી એમ.કે.સ્કુલ હોલ, જાંબલી ગલી, બોરીવલી (વે)** ખાતે આયોજીત કરાયો છે.

શ્રી પાટણ જૈન મંડળના પ્રમુખશ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહના હસ્તે મિત્રમંડળનો વિધિસર શુભારંભ કરાશે. આ પ્રસંગે પાટણ જૈન મંડળના અન્ય હોદ્દેદારો તેમજ સમાજના વિવિધ મિત્રમંડળોના હોદ્દેદારો અને કાર્યકરો ઉપસ્થિત રહેશે.

**આ સમારોહ બોરીવલી, દહીંસર મિત્ર મંડળના સભ્ય થયેલા હોય તે પરિવારો પુરતો મર્યાદિત છે.**

## પાટણના ડૉક્ટર્સોનું સ્નેહ મિલન

તબીબી વિજ્ઞાને માનવીનું દીર્ઘાયુ લાંબુ બક્ષ્યું છે. આ સંજોગોમાં આપણો સમાજ વધુ તંદુરસ્ત અને સશક્ત બને તે માટે મંડળ સક્રીય પ્રયત્નો કરી રહ્યું છે. તેના ભાગરૂપે આ સ્નેહ મિલન સમાજને ખૂબજ ઉપયોગી બની રહેશે. સમાજના ડૉક્ટરોનો લાભ સમાજને સરળતાથી ઉપલબ્ધ રહેશે, નિષ્ણાંત ડૉક્ટરોની સલાહ મળશે, મેડીકલ ખર્ચમાં રાહત મળશે. સમાજના અનેક ડૉક્ટરો વિવિધ હૉસ્પિટલો સાથે સંકળાયેલા હોય તેઓનું માર્ગદર્શન પણ મદદરૂપ બનશે.

આપણી મોટી માંદગી વખતે ડૉક્ટરોના વિભિન્ન ઓપિનિયન મળ્યા હોય ત્યારે નિશ્ચિત ડૉક્ટરોની સલાહ લેવી જરૂરી બને છે. આ માટે **''ડૉક્ટર્સ હેલ્પલાઈન''** શરૂ કરવી છે. મેડીકલ ક્ષેત્રે થતા રોજે રોજના સંશોધનના પરિણામે સમાજના પરિવારોને કઈ રીતે સંસ્થા દ્વારા વધુ સહાયક થઈ શકે તેના મંતવ્યો, વિવિધ નિદાનો અંગેના સેમિનારના આયોજનમાં માર્ગદર્શન મળી શકે તેવા શુભ આશયથી પાટણના **કાર્ડીયાક, ઓર્થોપીડીક, ન્યુરોસર્જન, રેડીયોલોજીસ્ટ, પિડિયાસ્ટ્રીયન, સ્કીન સ્પેશ્યાલિસ્ટ તથા જનરલ ફીઝીશિયનો** સાથે એક ગેટ ટુ ગેધરનું આયોજન કરવામાં આવેલ છે.

દિનાંક : **રવિવાર, તા. ૧-૧૧-૨૦૧૫** સમય : **સવારે ૯.૩૦ થી ૧.૦૦ અને ત્યારબાદ લંચ**

સ્થળ : **એસ.પી.જૈન ઑડિટોરિયમ, ચોથે માળે,** બોમ્બે હૉસ્પિટલ ન્યૂ બિલ્ડીંગ, ન્યૂ મરીનલાઈન્સ, મુંબઈ - ૪૦૦૦૨૦

❑ **મેડીકલ સમિતિ**

## શ્રી પાટણ જૈન મંડળ: વાર્ષિક પારિતોષિક વિતરણ સમારોહ

એસ.એસ.સી., એચ.એસ.સી., કૉલેજ લેવલ, ડિગ્રી ડિપ્લોમાં કોર્સ તેમજ અનેક શૈક્ષણિક ક્ષેત્રોમાંથી સમાજના વિદ્યાર્થી ભાઈ-બહેનો તેમની વાર્ષિક પરીક્ષામાં ઉચ્ચ સ્તરના ગુણાંક મેળવીને ગૌરવપ્રદ સિદ્ધિ હાંસલ કરી છે તેમને મંડળ તરફથી પારિતોષિક તથા મેરિટ સર્ટિફિકેટ એનાયત કરી દર વર્ષે અભિવાદન કરવામાં આવે છે, તેમ જ વર્ષ દરમ્યાન **'પાટણ પ્રતિબિંબ'માં** પ્રકાશિત થયેલી કૃતિઓમાંથી પસંદગી પામેલ શ્રેષ્ઠ કૃતિઓના લેખક ભાઈ-બહેનોનું **શ્રી નેમચંદ જેશંગલાલ શાહ (ગુંદરવાલા) સાહિત્ય પારિતોષિક** એનાયત કરી અભિવાદન કરવા માટેના સમારંભનું આયોજન કરાયેલ છે.

**દિનાંક : રવિવાર, તા. ૨૨-૧૧-૨૦૧૫ • સ્થળ : હિંદી વિદ્યા ભવન, ૭૯ પાટણ જૈન મંડળ માર્ગ, મરીન ડ્રાઈવ, મુંબઈ - ૪૦૦૦૨૦**

આ સમારંભમાં ઘણા વિદ્યાર્થીઓએ ઈનામ મેળવવા અંગેનું ફોર્મ ભરેલ છે, છતાં કોઈક વિદ્યાર્થીનું ફોર્મ ભરવાનું રહી ગયેલ હોય તો, તેવા વિદ્યાર્થીઓએ ઉપરોક્ત **અભ્યાસક્રમ અંગેના છેલ્લી વાર્ષિક પરીક્ષાના પરિણામની ઝેરોક્ષ નકલ સાથે ફોર્મ ભરીને તા. ૧૦-૧૦-૨૦૧૫ સુધીમાં મંડળના મુખ્ય કાર્યાલયમાં મોકલાવી આપવું.**

❑ **શિક્ષણ સમિતિ**

**તપસ્યા અનુમોદના :** પર્વાધિરાજ પર્યુષણ પર્વ નિમિત્તે આપણા સમાજમાંથી અનેક ભાઈ-બહેનોએ કર્મની નિર્જરા કરનાર **નાનીમોટી તપશ્ચર્યા કરી હશે.** અઠ્ઠાઈ કે તેથી વધુ ઉપવાસ કરનાર ભાઈ-બહેનોએ પોતાના નામ, ઉંમર, રહેઠાણ વિસ્તાર, પાટણનો મહોલ્લો, તપનો પ્રકાર ઈત્યાદિ વિગતો **મોડામાં મોડી તા. ૧૦-૧૦-૨૦૧૫ સુધીમાં મંડળના કાર્યાલયમાં મોકલવી.**

મળેલ તપસ્વીની યાદી આગામી માસના અંકમાં પ્રકાશિત કરવાના પ્રયત્ન કરીશું, **ત્યારબાદ મળેલ વિગતો પ્રગટ કરવામાં આવશે નહીં.** જેની સર્વેએ નોંધ લેવા વિનંતી.

❑ **સંપાદક સમિતિ**


## દાન માટે વિજ્ઞપ્તિ

**।। સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્રાણ મોક્ષમાર્ગ: ।।**

સિદ્ધચક્રની પોળ, ખેતરવશી પાડા પાટણમાં પાટણના પનોતા પુત્ર રત્ન **પરમ પૂજ્ય આચાર્ય શ્રીમદ્ વિજય ભુવનચંદ્રસૂરિ મ.સા. (ડહેલાવાળા)** સંસ્થાપિત પરમ પૂજ્ય આચાર્ય શ્રી ભુવનચંદ્રસૂરિશ્વરજી જૈન પાઠશાળા વિ.સં. ૧૯૯૩માં સ્થાપના થયેલ છે. પરમ પૂજ્ય આચાર્ય ભુવનચંદ્રસૂરિશ્વરજી જૈન જ્ઞાનમંદિર તરીકે પ્રખ્યાત છે. તેમાં સંસ્કૃત - પ્રાકૃત - કર્મસાહિત્યાદિ પુસ્તકો તેમજ પ્રતો ઉપલબ્ધ છે તેનો લાભ ચતુર્વિધસંઘ અભ્યાસાર્થે સારી રીતે કરે છે. પાઠશાળા અમારી સિદ્ધચક્રની પોળ તેમજ પીપળાશેરમાં પંચાસરા પાસે જૈન ભોજનશાળા, અતિથિ ભુવન પાસે આવેલ છે. તેમાં કલ્યાણમિત્રો પંડિતવર્યો દ્વારા ધાર્મિક અભ્યાસ તલસ્પર્શી કરાવવામાં આવે છે.

અર્થ, અધ્યાત્મવિષય, સારોદ્ધાર, પંચસૂત્ર, યોગશાસ્ત્ર, સંસ્કૃત - પ્રાકૃત, કાવ્ય, સ્તોત્રાદિ, ન્યાય, જૈન ન્યાય ઈત્યાદિનો સમાવેશ છે. આપશ્રીને નમ્ર વિનંતી કે આપના પરિવારમાં કોઈને પણ ઉપરના વિષયો ભણવાની ભાવના હોય તો પાટણ પધારી જ્ઞાનદાનનો લાભ અમને આપવા વિનંતી.

પાઠશાળામાં છેલ્લા ૧૫ વર્ષથી પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ બી. વાલાણી પૂ. સાધુ સાધ્વીજી મ.સા. તેમજ મુમુક્ષુઓને તલસ્પર્શી ધાર્મિક અભ્યાસ કરાવે છે, તથા બીજા પંડિતવર્ય શ્રી કૌશલભાઈ એ. શાહ પણ અધ્યયન કરાવે છે. પાઠશાળામાં નિયમિત દરરોજ આઠ કલાકનો અભ્યાસ કરાવાય છે.

**સદરહુ પાઠશાળાના વિશાળ ખર્ચને પહોંચી વળવા પર્યુષણ મહાપર્વના સપરમાં દિવસોએ પોતાના આત્મીય જનોની સ્મૃતિમાં આપ સર્વે દાતાઓને ઉમળકાભેર દાન આપી જ્ઞાનદાનનું મહાપુણ્ય પ્રાપ્ત કરવા હાર્દિક વિજ્ઞપ્તિ છે.**

**સ્થાનિક સંપર્ક:** **શ્રી ભુવનચંદ્રસૂરિશ્વરજી જૈન તત્વજ્ઞાન પાઠશાળા, સિદ્ધચક્રની પોળ, બ્રાહ્મણ વાડો, પાટણ.**

**પાટણ : શ્રી રમણિકભાઈ ત્રિકમલાલ શાહ ૦૯૯૭૮૪૫૦૫૯૪**

**મુંબઈ : શ્રી અશ્વીનભાઈ પનાલાલ શાહ ૯૩૨૨૨૨૯૪૧૧**

**જાહેરાત સૌજન્ય : શ્રીમતી અનીલાબેન મહેન્દ્રભાઈ ચીમનલાલ શાહ, ચોપાટી (મારફતીયા મહેતાનો પાડો)**

ADVT

# આ છે કુમારપાળ મહારાજા

**પાટણની ગૌરવ ગાથા... ગતાંકથી ચાલુ...**

એક વખત કુમારપાળની રાજસભામાં તિથિચર્ચાનો વાદ-વિવાદ નાગર બ્રાહ્મણો અને કલિકાલસર્વજ્ઞના શિષ્યો વચ્ચે ચાલી રહ્યો હતો. ધીમે ધીમે આ વાદ-વિવાદે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું. નાગર બ્રહ્માણોની અને જૈનોની તિથિ વિષયક માન્યતાઓમાં મત-મતાંતર પ્રર્વતતા હતા. પણ આજે ઘર્ષણ વધતું જ ગયું. સામાન્ય વાતચીતમાંથી પેદા થયેલો આ ચર્ચા ચડસા-ચડસી અને જય-પરાજય સુધી પહોંચી.

એ સમયે કલિકાલ સર્વજ્ઞ તો હાજર નહોતા, પણ તેમના મેઘાવી શિષ્ય શ્રી યશચંદ્ર ગણિએ ચર્ચાનો દોર સંભાળ્યો હતો.

કોઈકે પૂછ્યું: આજે કંઈ તિથિ છે ?

અમાસ હતી તેમ છતાં ચિત્તના વિક્ષેપને વશ યશચંદ્ર ગણિએ પૂનમ કહી.

બ્રાહ્મણો ખડખડાટ હસીને મજાક મશ્કરી કરવા વ્યંગમાં બોલવા માંડ્યા, '' જુઓ, જુઓ કુમારપાળ આ તમારા સર્વજ્ઞના સંતાનનું જ્ઞાન ! આજે અમાસ છે છતાં પૂનમ કહે છે.''

બાકીના ઉપસ્થિત બધા જૈન મુનિઓ એક સંપ થઈને બોલ્યા, ''હા ! આજે તો પૂનમ જ છે.''

વિવાદ વકરવા માંડ્યો. બ્રાહ્મણોએ કુમારપાળને કહ્યું, ''રાજન, પાટણનો આઠ વરસનો બાળક પણ જાણે છે કે આજે અમાસ છે. અમાસને પૂનમ તો કેવી રીતે કહેવાય ? માટે તમે આવા જૈનાચાર્યને 'કલિકાલ સર્વજ્ઞ' કહેવાનું બંધ કરી દો.

બધા બ્રાહ્મણોને શ્રી હેમચંદ્રચાર્ય ગમતા જ નહોતા અને તેમાંય તેમને મળેલું 'સર્વજ્ઞ'નું બિરૂદ ખૂબ જ ખટકતું હતું.

કુમારપાળ પણ સાવ શૂન્ય મનસ્ક બની ગયા, તેઓ પણ જાણતા હતા કે આજે અમાસ જ છે જૈન મુનિઓએ બોલવામાં ભૂલ કરી છે. હવે કરવું શું ?

કુમારપાળે પોતાના અંગત દૂત સાથે એક પત્ર લખીને બધી વિગત કલિકાલસર્વજ્ઞ પાસે મોકલાવી. જો હાલ આજે પૂનમ નથી તેમ કેહવામાં આવે તો જૈન સંઘની નાલેશી થાય અને પૂનમ છે તેમ કહેવામાં આવે તો તે મૃષાવાદ કહેવાય. તેથી સર્વજ્ઞએ કુનેહભર્યો જવાબ મોકલાવ્યો કે, ''આજે પૂનમ છે કે અમાસ એનો નિર્ણય આજે રાતે જ થઈ જશે. જો આકાશમાં ચંદ્ર ઉગે તો પૂનમ છે તેમ માનજો અને ન ઉગે તો અમાસ છે એમ માનજો.'' રાજાએ ગુરુદેવના અભિપ્રાયને માન્ય રાખ્યો અને બ્રાહ્મણોને શાંત પાડતા કહ્યુ; ''હવે આજ રાત પર બધી મદાર છે રાતે નગરની બહારના મેદાનમાં જઈને આપણે જોઈશું કે આકાશમાં ચંદ્રમાં દેખાય છે કે નહીં ?''

બ્રાહ્મણો મનમાં ને મનમાં મલકાયા તેઓને ખાતરી જ હતી કે કલિકાલ પણ પરાજય પામશે. કલિકાલસર્વજ્ઞશ્રીના શિષ્યો તેઓશ્રીની પાસે આવ્યા. સઘળી વિગત ગુરુદેવને જણાવી.

ગુરુદેવે તેમને કહ્યું, તમે ભૂલ કરી છે આજે પૂનમ નથી.

શિષ્યો તો ભોઠા પડી ગયા, સૌના મુખારવિંદ પર એક ઘેરી નિરાશા છવાઈ ગઈ.

''તો હવે આપણી હાર થશે ?''

''ના, કોઈ સંજોગોમાં હાર થવા દેવાય નહીં, તો હવે શું થશે ?''

તમે જોતા રહો.

શ્રી હેમચંદ્રસૂરિ મહારાજે પદ્માસનમાં બેસી, એકાગ્ર ચિત્તે મા પદ્માદેવીનાં ધ્યાનમાં લીન બની ગયા.

સાંજ પડતાં પહેલાં જ મા પદ્માવતીએ પ્રત્યક્ષ દર્શન આપ્યા અને ગુરુદેવને પૂછ્યું કે શી આજ્ઞા છે ?

''આજે આકાશમાં ચંદ્રમાં દેખાવો જોઈએ.''

''ચોક્કસ દેખાશે.''

માત્ર પાટણમાં જ નહીં, પણ દેશ-દેશાતરમાં પણ દેખાવો જોઈએ 'તથાસ્તુ' કહી દેવી અંતર્ધ્યાન થઈ ગયા.

સંધ્યા થતાં સૂર્ય ઢળતાની સાથે જ પાટણની બહાર મેદાનમાં સમગ્ર જૈનો - બ્રાહ્મણો બધા જ આવી ઉભા રહી ગયા. એક બાજુ જૈન સંઘ ઊભો રહ્યો અને બીજી બાજુ બ્રાહ્મણોની ફોજ ઊભી રહી. વચમાં જ કુમારપાળ રાજા પણ પોતાના મંત્રીગણ સાથે અન્ય સાધુ સાધ્વીજીગણ સાથે તેમના માટે બાંધવામાં આવેલા મંચ પર બિરાજમાન થયા.

બ્રાહ્મણો ખુશ હતા કે આજે તો કુમારપાળ અને તેના સર્વજ્ઞ ગુરુ બન્નેની હાર થશે.

જૈન સંઘને ગુરુ ભગવંત પર સંપૂર્ણ ભરોસો અને શ્રદ્ધા તો હતી જ. પણ ભીતરમાં તો ચિંતા હતી કે અમાસની રાતે ચંદ્ર દેખાશે કેવી રીતે ?

બસ ! પળવારમાં જ સૂર્યાસ્ત થયો જે અસંભવ લાગતું હતું તે સંભવ બની ગયું. અશક્ય શક્ય બન્યું. કલ્પના લાગતી હતી તે આજે ચમત્કાર બન્યો પૂર્વની ક્ષિતિજ પર ચંદ્રમાના દર્શન થયા. સાચે જ જાણે પૂનમની રાત જોવા મળે તેવો જ પૂર્ણ ચંદ્ર... પૂર્ણ થાળી જેવો ગોળાકાર અને શુદ્ધ મોતી સમો ઉજ્જવળ.

કંઈ ક્ષણો સુધી મેદાનમાં ઉપસ્થિત જનમેદની તો આશ્ચર્યથી આ બધું જોઈ જ રહી. નીરવ શાંતિ પથરાઈ ગઈ. બ્રાહ્મણો અંદરોઅંદર વાતો કરવા લાગ્યા કે ચંદ્ર ઉગ્યો તો ખરો પણ ઉપર ચડે છે કે નહીં તે તો જુઓ અને પળવારમાં ચંદ્રે આકાશમાર્ગે પ્રયાણ પણ કર્યું અને ઉપરને ઉપર ચડવા માંડ્યો.

બ્રાહ્મણોના પગ તળેથી જમીન સરકવા માંડી. તેઓએ જોરજોરથી બૂમ બરાડા પાડતા કુમારપાળને કહ્યું, રાજન ! આ તો તમારા ગુરુદેવની ઈંદ્રજાળ છે, અમે આજે પૂનમ માનવા તૈયાર નથી. જો સાચે જ પૂનમ હોય તો સમગ્ર ભારતમાં તે દેખાવી જોઈએ જ્યારે આ તો ફક્ત પાટણમાં જ ઉગ્યો ને કુમારપાળે ફરીથે તેમને શાંત પાડતાં કહ્યું, તમે થોડીવાર રાહ જુઓ હું ચારે દિશામાં બાર-બાર

યોજન સુધી સાંઢણીઓ દોડાવું છું અને દૂતો દ્વારા તપાસ કરાવું છું કે બધે જ ચંદ્ર ઉગ્યો છે કે નહીં ?

બ્રાહ્મણોએ સંમતિ આપતા કહ્યું કે: હા ! બરાબર છે તેમ જ કરો.

ચારે દિશામાં સાંઢણીઓ દોડી. એક પ્રહર વીત્યો ત્યાં તો એક પછી એક સાંઢણીઓ પરત ફરવા માંડી. બધી તરફથી એક જ સમાચાર આવ્યાં કે સાહેબ ! ગામે ગામ આકાશમાં ચંદ્ર દેખાય છે. બધી જ જગ્યાએ એટલે કે અત્ર-તત્ર-સર્વત્ર ચંદ્રમાં સ્પષ્ટરૂપે જોઈ શકાય છે.

કલિકાલના આશીર્વાદથી કુમારપાળે જૈનોને અને કલિકાલશ્રીને વિજેતા ઘોષિત જાહેર કર્યા અને પોતાના વહાલા ગુરુ શ્રી હેમચંદ્રાચાર્યની 'કલિકાલસર્વજ્ઞ' તરીકેના બિરૂદને પાટણની સમગ્ર પ્રજાએ જયજયકાર બોલાવી હૃદયથી વધાવી લીધા.

બ્રાહ્મણોને તો કંઈ આગળ વિરોધ કરવા જેવું રહ્યું જ નહીં કુમારપાળે પણ તેમને પ્રેમથી સાંત્વન આપી સત્યને સ્વીકારવા વિનંતી કરી.

''કલિકાલ સર્વજ્ઞનો જય હો, જય હો !'' નો નાદ એ દિવસે પાટણ તેમ જ આજુબાજુના ગામો સુધી ગૂંજતો રહ્યો.

હવે તેમના જીવનની બીજી ઘટના જોઈએ.

વેદાંતીઓના સર્વોચ્ચ ધર્મગુરુ એટલે શંકરાચાર્ય તેઓ દેવબોધિ નામે એક સંન્યાસી તરીકે પાટણમાં આવ્યા હતા તેઓ પણ કુમારપાળ સોલંકી શૈવધર્મ છોડીને જૈન ધર્મ સ્વીકારી લે તે બાબત ખૂબ જ ચિંતિત હતા. તેમને કદાપિ આ વાત માન્ય નહોતી તેથી તેઓએ પાટણમાં રહીને લોકોને જાતજાતના ચમત્કારો દેખાડવા શરૂ કર્યા ! આ ચમત્કારો જોઈ લોકોને દેવબોધિમાં વધુ રસ પડવા લાગ્યો. જિજ્ઞાસા વધવા માંડી અને દેવબોધિ શ્રેષ્ઠ અને અદ્ભુત કલાકાર છે તેમ માની ચારે બાજુ ચર્ચા કરવા લાગ્યા. આ વાત કુમારપાળ પાસે પણ પહોંચી તેમને પણ આ ચમત્કારિક સંન્યાસીના ચમત્કારો જોવાની ઈચ્છા થઈ. કુમારપાળે દેવબોધિને રાજસભામાં બોલાવ્યા. નાના બાળકો પાસે પાલખી ઉપડાવી તેમાં બેસી દેવબોધિ રાજસભામાં પધાર્યા.

દેવબોધિ વિચારી રહ્યા હતા કે સોલંકી વંશનું રાજ્ય છેલ્લાં બે સૈકા કરતાં વધુ સમયથી જડબેસલાક રીતે તપી રહ્યું હતું. તેમના રાજ્યનો વિસ્તાર એટલો બધો વિસ્તૃત હતો કે અડધાથી વધુ ભારત પર તેમનું રાજ્ય ચાલતું. પાટણ તેમની રાજધાની ગણાતી અને કલિકાલમાં ચંદ્રવર્તીની ઝાંખી કરાવે તેવી રાજસત્તા સોલંકી રાજાઓ ભોગવતા. તેઓ પરંપરાથી જ શૈવ હતા આથી તેઓને મનમાં ડર હતો, એક ભય સતાવતો હતો કે જો કુમારપાળ રાજ પરંપરા છોડી શૈવમાંથી જૈનધર્મી બની જાય તો વેદાંતીઓના પગ તળેથી જમીન જ સરકી જાય. એથી આજે તો કોઈપણ સંજોગોમાં કુમારપાળને જૈન બનતો રોકી દઈશ અને મારો ભક્ત બનાવીશ. દેવબોધિ જાણતાં હતા કે કુમારપાળ વેદાંતથી એટલો બધો દૂર જતો રહ્યો હતો કે હવે સમજાવટ અને માન - પાનથી તેને પાછો વાળવો શક્ય ન હતો.

દેવબોધિ જાત-જાતની વિદ્યાઓ અને મંત્રશક્તિઓનો સ્વામી તો હતો જ પણ તે પ્રાણાયમનો અઠંગ ઉપાસક હતા તેથી તેઓએ કુમારપાળને પ્રભાવિત કરવા એક પ્રયોગ કર્યો હતો. તે જે પાલખીમાં બેઠો હતો તે પાલખી કાચા સૂતરથી બાંધવામાં આવી હતી. આખી પાલખી કમળના બે દંડ પર ઝીલવામાં આવી હતી અને પાલખી ઉપાડનાર બે બાળકો માત્ર આઠ વર્ષના, દુબળા–પાતળા હતા. દેવબોધિ કદાવર અને હૃષ્ટ-પુષ્ટ શરીરવાળા હતા. પાલખીમાં બેસતાં જ પ્રાણાયમ વડે પોતાના શરીરને ચાર આંગળ અધ્ધર કરી લીધું. છતાં પણ પાલખીમાં તે સ્થિર રહ્યા.

તેમની સાથે હજારો બ્રાહ્મણો દેવબોધિનો જયજયકાર કરતાં રાજ્યસભામાં પ્રવેશ્યા હતા. પાલખીની પાછળ ૫૦૦ ગાડા ભરીને તો શાસ્ત્રગ્રંથો આવ્યા હતા.

રાજાએ યોગ્ય સત્કાર કર્યો. દેવબોધિએ કુમારપાળને પોતાનો શૈવધર્મ છોડીને આ જૈન ધર્મ કેમ સ્વીકાર્યો છે એમ પૂછ્યું, કુમારપાળે જવાબ આપતાં કહ્યું, શૈવ ધર્મ સારો છે, પણ તેમાં હિંસાનું આચરણ થાય છે. જ્યારે જૈન ધર્મ અહિંસાને જ માને છે. માટે તે ધર્મ સ્વીકાર્યો છે. દેવબોધિએ કુમારપાળના પૂર્વજો વગેરે બધા શૈવધર્મ પાળતા હતા અને તે પ્રત્યક્ષ દેખાડવા મંત્રબળથી તેના પૂર્વજ મૂળરાજ વગેરેને હાજર કર્યા. ત્યારબાદ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશને બોલાવ્યા આ જોઈ કુમારપાળ આશ્ચર્યચકિત થઈ ગયો. દેવોએ બધુ છોડીને તેમની ઉપાસના કરવા કુમારપાળને જણાવ્યું અને થોડીવારમાં આ દેવો તથા મૂળરાજ વગેરે અદૃશ્ય થઈ ગયા.

કુમારપાળ વિચારમાં પડી ગયા. એમાં સાચું શું ? એક બાજુ દેવપતનના સોમનાથના વચનો અને બીજી તરફ દેવબોધિએ બતાવેલા દેવોના વચનો ! તેનું માથું ભમવા માંડ્યું. આ આખી ઘટના વખતે મહામંત્રી ઉદયનના પુત્ર વાગભટ મંત્રી કુમારપાળની સાથે હતા. તેઓએ શ્રી કલિકાલસર્વજ્ઞ પાસે જઈ બધી હકીકત કહી સંભળાવી અને પોતાની શંકા વ્યક્ત કરતાં જણાવ્યું કે કદાચ કુમારપાળ જૈન ધર્મ છોડી દેશે.

હેમચંદ્રાચાર્યે વાગભટને જરા પણ ચિંતા ન કરવા જણાવ્યું અને બીજા દિવસે વ્યાખ્યાન સમયે કુમારપાળને સાથે જરૂરથી લઈને આવવા જણાવ્યું તે બોલ્યા; કાલે એને વ્યાખ્યાન સમયે એવો ચમત્કાર જોવા મળશે કે પેલા યોગોના જોયેલા ચમત્કાર મામૂલી લાગશે. ગઈકાલ સુધી જે સભાનું વાતાવરણ 'જૈનમ જયતિ શાસનમ્' થી ઓતપ્રોત હતું. તે આજે 'બમ બમ ભોલે'ના નાદથી ગૂંજવા લાગ્યું. પાટણનો માહોલ શ્રી કલિકાલ સર્વજ્ઞના પ્રભાવથી આજ સુધી રંગાયેલો હતો, તેમાં અચાનક કલ્પના બહારનો વળાંક આવ્યો. કુમારપાળ સિંહાસન પર બિરાજમાન હતા તેઓનું દિલ દેવબોધિની શક્તિઓથી અંજાવા માડ્યું હવાની બદલાયેલી રૂખ તેમને પણ સ્પર્શી ગઈ.

કોણ છે, આ મહાપુરુષ ?

સાહેબ, આપણાં સર્વોચ્ચ ધર્મગુરુ, શ્રી દેવબોધિ શંકરાચાર્ય છે

આશીર્વાદ આપવા માટે પધાર્યા છે કુમારપાળને ગમ્યું માથું નમાવ્યું.

દેવબોધિએ પદ્માસન છોડયું. પાલખીમાંથી નીચે ઉતર્યા અને કુમારપાળની સામે જોઈને બોલ્યા, ''હે નરનાથ! પોતાની માતા હાજર હોય તેમ છતાં તેનું દૂધ છોડીને બીજી સ્ત્રીનું સ્તનપાન કોણ કરે?

વેદાંત મતમાં જેમને શંકરાચાર્ય જેવા ગુરુ મળ્યાં છે તેમણે તેમને છોડીને શું જૈનાચાર્યને સા ગુરુ બનાવવા જોઈએ?

સભામાં સન્નાટો ફેલાઈ ગયો. કુમારપાળનું હૈયું શંકરાચાર્યના વાકબાણોથી આરપાર ચીરાઈ ગયું.

તેઓ એકદમ નર્વસ થઈ ગયા જાણે પોતે કોઈ અપરાધ કર્યો હોય તેવી લઘુતા અનુભવવા માંડ્યા.

શંકરાચાર્યે પણ કુમારપાળના ચહેરા પરથી જાણી લીધું કે કુમારપાળ વેદાંત ધર્મને સ્વીકારવા જરૂર તૈયાર થશે.

રાજસભા પૂરી થતાં સૌ વિખેરાયા. એ દિવસે સાંજના સમયે કુમારપાળે મંત્રી અંબડને કહ્યું, શંકરાચાર્યનો પ્રભાવ તો કેટલો ગજબ છે મારું મન પણ એમના તરફ પ્રભાવિત કરી દીધું. શું ગુરુદેવ પાસે આનો કોઈ જવાબ છે?

'ગુરુદેવ' શબ્દ સાંભળીને અંબડ ચમક્યો તે બોલ્યો, કૂતરાઓ ત્યાં સુધી જ ભસ્યા કરે છે જ્યાં સુધી સિંહ ગર્જના નથી કરતો કલિકાલસર્વજ્ઞની સામે આ શંકરાચાર્યે સર્જેલું તોફાન તદ્દન ક્ષુલ્લક છે. આવતીકાલે આપ ગુરુદેવના વ્યાખ્યાનમાં જરૂરથી પધારો અને પછી જુઓ કે ત્યાં શું થાય છે? કુમારપાળે સંમતિ આપી.

બીજા દિવસની સવારે વ્યાખ્યાન હોલમાં એક ઉપર એક સાત પાટો ગોઠવવામાં આવી છે તેની ઉપર કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિ મહારાજ બિરાજ્યા અને વ્યાખ્યાન શરૂ કર્યુ. તેમનું રૂપ, તેમનો પ્રભાવ, તેમના અવાજનો રણકો, તેમની નજરોમાં ઓપ બધુ કંઈક ઓર જ હતું.

વિશાળ વ્યાખ્યાન હોલ પૂરેપૂરો ભરાઈ થઈ ગયો હતો. રાજા કુમારપાળ પણ પોતાના પ્રધાનમંડળ સાથે વ્યાખ્યાન શરૂ થાય તે પહેલા જ આવી ગયા હતા. ગઈકાલની ઘટનાનો કેવો પ્રત્યાઘાત અપાઈ રહ્યો છે તે જાણવાની સહુને તાલાવેલી હતી. વ્યાખ્યાન શરૂ થયું અને ગુરુદેવ હવે આગળ શું બોલશે? શું કરશે તે જિજ્ઞાસાથી સૌ શ્રવણમાં તલ્લીન બન્યા.

થોડોક સમય વ્યાખ્યાન ચાલ્યું ત્યાં તો અચાનક બે સાધુઓ ઉભા થયા, તેમણે ગુરુદેવની નીચેની એક પછી એક પાટો બહાર ખેંચવાનું શરૂ કર્યું. સાતમી પાટ પણ ખસેડી લીધી

ગજબ ચમત્કાર થયો. સાતે પાટ હટાવી દેવામાં આવી તેમ છતાં કલિકાલસર્વજ્ઞશ્રી આકાશમાં અધ્ધર રહ્યા એક ઈંચ જેટલા પણ નીચે ન સરક્યા.

સભામાં હાજર રહેલા સૌ કોઈ મંત્રમુગ્ધ બની ગયા. સ્ત્રીઓ તો અવાચક બની ગઈ. કુમારપાળ રાજા અને તેમનું મંત્રીગણ તો અવાચક બની ગયા. ફરીથી હવાનો રૂખ બદલાયો.

'બમ બમ ભોલે શંભુ'ના નારાઓ ક્યાંય ઓગળી ગયા અને તેના બદલે ''જૈનમ્ જયતિ શાસનમ્''ની ગૂંજથી ચારે દિશાઓ અને આકાશ ફરી ગૂંજી ઉઠ્યું. સાત પાટ જેટલાં અધ્ધર રહીને પણ ગુરુદેવે વ્યાખ્યાન ચાલુ રાખ્યું હતું. તે એક મોટું આશ્ચર્ય હતું.

કુમારપાળ બોલી ઉઠ્યા, આવી તાકાત તો શંકરાચાર્યમાં પણ નથી. ઉપસ્થિત સૌ લોકોએ શંકરાચાર્યની સાથે તુલના કરવા માંડી.

૧) શંકરાચાર્ય ચાર આંગળ અધ્ધર હતા જ્યારે ગુરુદેવ સાત પાટ અદ્ધર રહ્યા છે.

૨) શંકરાચાર્યે કેળના પાંદડાની શિબિકામાં બેસીને નિરંતર મૌન રાખ્યું જ્યારે બોલવું હતું ત્યારે તેમને નીચે ઉતરી જવું પડ્યું. જ્યારે ગુરુદેવ અદ્ધર રહીને પણ ગર્જનાઓ કરતું વ્યાખ્યાન આપતાં હતા.

દેવબોધી હાર્યા અને કલિકાલસર્વજ્ઞ જીત્યા.

કુમારપાળે શ્રી કલિકાલ સર્વજ્ઞનો ચરણ સ્પર્શ કર્યો અને પોતાના સાચા ગુરુ આ જ છે. શંકરાચાર્ય નથી અને તેમનો ધર્મ પણ નથી તેમ બોલીને કલિકાલસર્વજ્ઞનું શરણું ખૂબ જ ભાવથી સ્વીકારી લીધું.

વધુ આવતા અંકે....

**સંકલનઃ શ્રીમતી ભારતીબેન ભગુભાઈ શાહ**

## *LPG સિલિન્ડરની સબસીડી ન લેવા વિનંતી*

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા થયેલ જાહેરાત અન્વયે LPG સિલિન્ડર પર પ્રાપ્ત થતી સબસીડી ન લેવાની ભાવના ધરાવતા પાટણના પરિવારજનો પાના નં. ૧૯ પર છપાયેલ ફોર્મમાં વિગતો ભરીને શ્રી પાટણ જૈન મંડળના મુખ્ય કાર્યાલય ખાતે મોકલાવી આપવા વિનંતી છે.

''તમે એકવાર પાટણ જાજો રે પાટણિયા''
આ ગીત દ્વારા જીવન સૌરભમાં દરેક પટ્ટણીઓને ડોલાવનાર,
કે પછી ૧૬ ઓગસ્ટના ભક્તિસંગીતમાં સૂરો રેલાવનાર...
Sejal Shah
પાટણનાં જ સેજલ શાહને
માણીએ....
આમંત્રિત કરીએ....
આપના દરેક શુભ પ્રસંગોમાં....
*Lagna Geet, Sangeet Sandhya, Mahendi, Mosalu, Dandiya Raas, Prarthna, Pedhi, Bhavna, Sanji, Fashion Show*
*All Types of Musical Shows & Stage Shows*
M.: 9322885332/9004075612 • Tel.: 022-25904028
Email : jaigiriaj49@gmail.com
Advt

# BOARD OF DIRECTORS

**PJM Managing Committee in its first meeting under the New Management on 11th April has formed the Board of Directors of Visionary, Influential and Resourceful Leaders of Patan for guiding the Samaj for Social Upliftment and Economic Empowerment.**

**Their brief introduction is given herewith.**



**Dinesh Shantilal Shah,** ***President & Mg Trustee of PJM***
*Mg Director of FF Fotofast & Vistex Pvt Ltd*
*Chairman of Patan Co-op Bank Ltd since the last 6 years, till date*
*Mg Trustee of Vardhaman Tap Ayambil Sanstha, Patan*
*Trustee of Brahmanvada Jain Derasar Trust, Patan*
Cell : 9322225072 E-mail : dinesh.shahff@gmail.com

**Niranjan Amrutlal Shah,** ***Trustee of PJM***
*Mg Director of Renaissance Jewellery Ltd*
*Trustee of Shree Patan Panjrapole*

Cell : 9867326322 E-mail : niranjan.shah@renjewellery.com





**Pankaj Panalal Shah,** ***Trustee of PJM***
*Director of Kantilal Manilal & Co. Pvt. Ltd.*
*Trustee of Shree Patan Panjrapole*

Cell : 9821140181 E-mail : pankaj@kmcpl.com

**Pradipkumar Ramanlal Shah,** ***Trustee of PJM***
*Mg Director of Pradipkumar Pharma P Ltd*
*Trustee of Bulk Drug Dealers Association*
*Trustee of Shree Patan Panjrapole*
*Trustee Shree Patan Panchayat Fund (Jain Bhojanshala)*
Cell : 9820038925 E-mail : pradipkumar@vsnl.com





**Rameshchandra Chhabildas Jhaveri,** ***Trustee of PJM***
*Mg Partner J P Products,*
*Director of Jhaveri Imitation Jewellery Pvt. Ltd.*
*Managing Trustee of Imitation Jewellery Charitable Trust.*

Cell : 9821245233 E-mail : j.p.products1@gmail.com



**Bhadrakumar Manilal Shah**, *Trustee of PJM*
*Mg Partner of Atlas Switchgear Mfg. Co. Pvt. Ltd.*
*Active Member of Mandal Viklang Committee*

Cell : 9819268802 E-mail : n_b_shah@rediffmail.com

**Virendra Popatlal Shah**, *1st Vice President of PJM*
*Industrial Solvents & Chemicals P Ltd*
*Trustee of P B Patan Janata Hospital & SKI School, M Lines*
*Trustee of Babu Amichand Panalal Jain Adishwar Temple*
*Trustee of Patan Panjrapole and Hemchandracharya Gyan Mandir*
*Trustee of Pleasant Palace Temple, Walkeshwar & Juhu*
*Founder Director of JIO-Jain Int'l Orgn,*
Cell : 9819294964 E-mail : vpshah@iscpl.com





**Dipak Revantilal Shah**, *Vice President of PJM*
*Chairmain M/s MesoCarbon India Pvt Ltd*
*Associated with Chemical Industries for last 40 years.*
*Trustee - Kanasa Kalyan Kendra, Patan*

Cell : 9820522936 E-mail : info@eurekachem.com

**Danesh Vinodchandra Matliwala**, *Vice President of PJM*
*Mg Director of Precision Bearings P Ltd*
*Trustee - Sheetal Shanti Dehrasar, Kanasano Pado*
*Trustee - Kanasa Kalyan Kendra, Patan*
*Vice President - Shree Vile Parle PJM, Vile Parle*
*Committee Member - ChandraPrabhu Jinalay, Vile Parle*
Cell : 9930891985 E-mail : danesh.shah@znlbearings.com





**Rohit Mahasukhlal Shah**, *Vice President of PJM*
*Mg Partner of P Rohitkumar & Co*
*Hon. Secretary Mumbai Diamonds Merchants Association*
*Managing Committee Member of Garware Club House*
*Finance Committee, Mumbai Cricket Association*
*Trustee of Shree Munisuvratswami Jain Derasar Trust, Patan*
Cell : 9820227147 E-mail : rohitshah1406@gmail.com

**Yashwant Harilal Jhaveri**, *Vice President of PJM*
*Mg Partner of Vasu Chemicals*
*Secretary of Patan Panjrapole*
*Trustee of Vasu Bharati Charitable Trust*

Cell : 9820088997 E-mail : yashwant@vasuchemicals.com





**J K Shah,** *Prabhari Viklang Samiti-PJM*
*Sr. Partner of J K Shah & Co, CA, (Estd in 1959)*
*Practicing as a Chartered Accountant since 1956*
*Trustee of Mumbai & Mangrol Jain Sabha (Shakuntala School)*
*Trustee of Patan Panjrapole and Hemchandracharya Gyan Mandir*
*Trustee of J. K. Foundation, Trustee of Seth Jeshinglal Jhaverchand Trust*
Cell : 9821095939 E-mail : info@jkshah.co.in

**Tushar Pravinchandra Shah**, ***Secr. Medical-PJM***
*Mg Partner of Smith Engineering Co*
*Trustee of Marine Drive Jain Aradhak Trust*
*Trustee of Dhandherwado, Trustee of Maharashtra Gopalan Samiti*
*Member at Atmanand Jain Sabha, Member of Mahavir Jain Vidyalaya*
*Advisory Committee Chandraprabha Medical Centre*
Cell : 9987682551 E-mail : tushar@smithtools.net





**Chandravadan Sarabhai Shah**, ***Secr of Pratibimb-PJM***
*Director of Hemant Tools P. Ltd*
*Trustee Keshavlal Kilachand Charitable Trust*
*Trustee Maharashtra Gopalan Samiti (Panjrapole)*
*Trustee of Patan Vardhman Ayambil Sanstha, Patan*
Cell : 9323138405 E-mail : cshah@hemanttools.co.in

**Ashvin Panalal Shah**, ***Admin Secr of PJM***
*Jewellery Business*
*Trustee Shri Bhuvanchandra Surishwarji Gyanmandir, Patan*

Cell : 9322229411 E-mail : apshah.jewels@gmail.com





**Hiten Champaklal Shah (Vimawala)**, ***Secr Admin-PJM***
*Proprietor of Tools India Corporation*
*Trustee of Patan Vardhman Ayambil Sanstha, Patan*
*Trustee of Mill Gin Store Merchants Association, Nagdevi*
*Ex Board of Directors Garware Club, Chuchgate*
*Trustee of Khetarvasi no pado Shantinath ni Sheri, Patan*
Cell : 9323742789 E-mail : hitencshah27@gmail.com

**Bharat Kantilal Shah**, **Secretary of Jivan Saurabh-PJM**
*Mg Partner of J K Shah & Co*
*Promoter of Kanasa Kalyan Kendra, Patan*
*Trustee Shantinath Derasar, Kanasa no Pado*

Cell : 9820452406 E-mail : sarintex@vsnl.com





**Bharat Nemchand Shah**, *Secr of Patan Colleges-PJM*
*Mg. Director of S. Kant Health Care Ltd, Director of Anuh Pharma Ltd.*
*Trustee of Sevantilal Kantilal Trust*
*Trustee of North Gujarat Education Society*
*Vice President Indo Iran Chamber, Past President Rotary Club*
Cell : 9821042230 E-mail : bharat@sk1932.com

**Bipin Nemchand Shah**
*Mg Director of Anuh Pharma Ltd., Mumbai*
*Director, M/s. Eskay Fine Chemicals, Mumbai.*
*Director, M/s S. Kant Healthcare Ltd., Vapi*
*President, M/s Thane Belapur Industries Association, Navi Mumbai*
Cell : 9820042202 E-mail : anuh@sk1932.com





**Mahasukhbhai (Bachubhai) Popatlal Shah**, *Secr of Gyanpith-PJM*
*Director of VMC Refractory Solutions Pvt. Ltd.*
*Mg Trustee of Shrut Ganga,*
*Chairman of Pravachan Shrut Tirth, Shankheshwar*
*Trustee of Each One Teach One Charitable Foundation*
Cell : 9322228046 E-mail : vmc@s-tgroup.com

**Jatin Chandrakumar Jhaveri**
*Properietor of Gem Exim Corporation,*
*Trustee at Sabarmati Jain Derasar at D cabin,Ahmedabad,*
*Trustee at Vardhman Shikshan Sanstha, Malegaon Dist.Nashik.*
*Associated. with Nutan Sarvodaya Society for Education*
Cell : 9820036427 E-mail : jatin.jhaveri@ymail.com





**Ravi Sevantilal Shah**, *Secr Patan Colleges-PJM*
*Mg Partner of K Sevantilal & Co*
*Trustee of Patan Jain Bhojanshala*
*Active Member of Shree Siddh-Hem Gyanpeeth –PJM*
*Promoter of Vasumati Sevantilal College of Arts, Patan*
Cell : 9820042314 E-mail : ravishah@ksevantilal.com

**Suresh Amratlal Shah ( Patani)**, *Secr. Property Development-PJM*
*Director of Shree Sejal Construction Pvt.Ltd., Partner of Dharnendra Developers*
*Trustee - Shree Panchasara Parshavanathji Temple Trust - Patan*
*Trustee - Shree Astapad Dehrasar & Dharamshala Trust - Patan*
*Committee member - Patan Panjara pole*
Cell : 7303253911 E-mail : suresh_shah65@gmail.com



***Names of other Members of Board of Directors will be published in the next Pratibimb***

## પાટણની ગૌરવ ગાથા

# શ્રી પંચાસરા પાર્શ્વનાથ જિનાલય



જૈન સંસ્કૃતિનો પ્રભાવ ગુજરાત પર સૈકાઓથી રહ્યો છે અને જૈન સંસ્કૃતિનું મુખ્ય કેન્દ્ર પાટણ રહ્યું છે.

### ઐતિહાસિક સંદર્ભ

અણહીલ ભરવાડે બનાવેલ સ્થળે જૈન શ્રેષ્ઠી ચંપાની સલાહથી નાગેન્દ્રગચ્છના જૈનાચાર્ય શ્રી શીલગુણસૂરિએ વિ.સ. ૮૦૨માં એક નગરની સ્થાપના કરી જેનું નામ **'અણહીલપુર પાટણ'** રાખવામાં આવ્યું. પાટણના પ્રથમ રાજા વનરાજ ચાવડાએ વિ.સ. ૮૦૨માં 'વનરાજ વિહાર' બનાવી તેમાં પંચાસર ગામેથી લાવેલ પાર્શ્વનાથ ભગવાનની પ્રતિષ્ઠા કરાવી. વનરાજના પિતા પંચાસર ગામમાં રાજ્ય કરતા હતા એથી ત્યાથી લાવીને આ જિનાલયમાં બીરાજમાન કરાયેલી પાર્શ્વનાથજીની પ્રતિમાને **શ્રી પંચાસરા પાર્શ્વનાથ નામ અપાયુ** હશે એમ વિદ્વાનો માને છે આ હકિકત ઈતિહાસમાં સુપ્રસિદ્ધ છે.

ત્યારબાદ અનેક વખત આ જિનાલયનો જીર્ણોદ્ધાર થયો અને નવા નવા જિનાલયો બંધાતાં ગયા. ઐતિહાસિક સંદર્ભો જોતાં આ પાર્શ્વનાથજીની પ્રતિમા પાટણના સ્થાપનાકાળ સમયની, એટલે વિ.સં. ૮૦૨ના સમયની, પ્રાચીન અને ચમત્કારિક છે. **આ ઐતિહાસિક મંદિર પાટણના ઈતિહાસ સાથે જ સંકળાયેલું છે.** મંદિર પણ પાટણ જેટલું જ પ્રાચીન હોઈ ઈતિહાસમાં તેનું ઘણું જ મહત્વ ગણાય છે. **પંચાસરા પાર્શ્વનાથ મંદિર એ જ ''વનરાજ વિહાર'', વસ્તુપાળે પણ આ મંદિરનો જીર્ણોદ્ધાર કર્યાનો ઉલ્લેખ તત્કાલીન ઐતિહાસિક કાવ્યોમાં મળે છે.**

પહેલાના વખતમાં ચૈત્યપરિપાટીની પ્રથા હતી અને તે સમયે કાવ્યોની રચના કરાતી હતી. આ જિનાલયનો પ્રથમ ઉલ્લેખ સંવત ૧૨૧૬માં રચાયેલ પ્રાકૃત **''ચંદ્રપ્રભચરિત''માં** મળે છે. ત્યારબાદ સંવત ૧૩૩૪થી રચાયેલા વખતોવખતના ચૈત્યપરિપાટીના કાવ્યોમાં જેવા કે **સંઘપતિ ચરિત્ર, પ્રભાવક ચરિત, પ્રબંધ ચિંતામણી, શાશ્વત તીર્થમાલા કાવ્ય** તેમજ ૧૬માં અને ૧૭ સૈકાના શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ અને શ્રી ગોડી પાર્શ્વનાથના **પ્રાચિન સ્તવનોમાં શ્રી પંચાસરા પાશ્વનાથજી તથા આ જિનાલયનો ઉલ્લેખ મળે છે.**

### જીર્ણોદ્ધારનો સંકલ્પ - પ્રતિષ્ઠા મહોત્સવ

અત્યારના પાટણમાં બંધાયેલા મંદિર અગાઉ એ જ જગ્યા પર પંચાસર પાર્શ્વનાથનું જૂનું મંદિર હતું. તે સોળમાં સૈકા જેટલું પુરાણું કાષ્ઠમય હતું. આ મંદિર જીર્ણ થતાં તેનો જીર્ણોદ્ધાર થવો આવશ્યક બન્યો હતો. આ જીર્ણોદ્ધાર કરવાનો શુભ સંકલ્પ વિ.સં. ૧૯૫૦ના અરસામાં પાટણના વતની શેઠ શ્રી બાબુસાહેબ પનાલાલ પુરણચંદજીના ધર્મવાસિત માનસમાં ઉદ્ભવ્યો. આમ, તેમના પરિવાર દ્વારા આ બાવન જિનાલયનું મુખ્ય મંદિર બંધાવવામાં આવ્યું છે. **વિ.સં. ૨૦૧૧ના જેઠ સુદ પાંચમના પુનિત દિવસે મહોત્સવપૂર્વક અપૂર્વ ઉલ્લાસથી પ.પૂ.આ સમુદ્રસૂરિ મ.ના હસ્તે ભગવાનની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.** આ જિનાલયના ફરતે ૫૧ દેરીઓ છે જેમાં ૨૪ પ્રતિમાજી તીર્થંકર ભગવાનના દેહના વર્ણ પ્રમાણેના વર્ણવાળા છે, તેમજ અન્ય પ્રતિમાજીઓ બીરાજમાન છે. કેટલીક પ્રતિમાજી સંપ્રતિ મહારાજા વખતની અતિ પ્રાચીન છે. આ જિનબિંબોની પ્રતિષ્ઠા વિદ્વદવર્ય પ.પૂ. પુન્યવિજયજી મ.સા. ના કરકમલ દ્વારા તથા પ.પૂ. યુગદિવાકર આ શ્રી વિજય ધર્મસૂરિ મ.સા. શ્રીના શિષ્યરત્ન સાહિત્યપ્રેમી પ.પૂ. યશોવિજયજી મ.સા. દ્વારા થયેલા મંત્રોચ્ચારથી વિ.સં. ૨૦૧૬ના વૈશાખ સુદ ૬ના શુભ દિવસે થઈ હતી.

### બાવન જિનાલયની બાંધણી અને બેનમૂન કલાકૃતિઓ

આ ભવ્ય મંદિરની લંબાઈ આશરે ૧૩૦ ફૂટ અને પહોળાઈ ૯૦ ફૂટ જેટલી છે. જોધપુરી, મકરાણા, જેસલમેર અને ધાંગધ્રાના પથ્થરોથી નવનિર્મિત આ જિનાલયનું બાંધકામ સુપ્રસિદ્ધ શિલ્પી શ્રી પ્રભાશંકરભાઈ સોમપુરા દ્વારા થયેલું છે. આ બાવન જિનાલયચના સ્થળો, ઘુમ્મટો, સ્તંભો, ચોકીઓ, છતો, દિવાલો, મંડપો, શિખરો વિગેરે સ્થળો અદ્ભુત કોતરણીથી જુદા જુદા પ્રકારની કલાત્મક પ્રતિકૃતિઓથી અંકિત થયેલા છે. જિનાલયના પ્રવેશદ્વાર આગળનો ઘુમ્મટ કલામય બનાવાયો છે. તેના સ્તંભોમાં દિક્પાલો, વિદ્યાદેવીઓ આદિ કોતરાયેલી છે. તેની ઉપરના ભાગમાં સમવર્ણા કરવામાં આવી છે. સમવર્ણાની ચારે તરફ ઝરૂખા અને ફરતાં દેવ-દેવીઓના સુંદર સ્વરૂપો કોતરાયેલા છે. પ્રવેશદ્વારની અંદર

પ્રવેશ કરતાં આજુબાજુના ગોખલામાં યક્ષ-યક્ષિણી - આશાકમંત્રી, પાટણના સ્થાપક વનરાજ ચાવડા તેમજ શિલગુણ સુરીજીની પ્રતિમાજીઓ બીરાજમાન છે. ત્યારબાદ ૬ ચોકીઓ આવે છે તેની છત આબુની કોતરણીને યાદ કરાવે તેવી છે. આગળ જતાં વિશાળ નૃત્યમંડપ અને ગૂઢ મંડપના ઘુમ્મટની અંદર પુષ્કળ પ્રમાણમાં પથ્થરની નકશી કારીગરીવાળી કોતરણી કરવામાં આવી છે, મધ્ય ભાગમાં પદ્મશિલા, ચોવીસ તીર્થંકર, યક્ષ-યક્ષિણીના સ્વરૂપો આદિ પંક્તિબદ્ધ કોતરવામાં આવેલાં છે.

ગૂઢ મંડપથી આગળ જતાં બન્ને બાજુએ કલામય આરસના ગોખલાઓમાં પ્રભુજી બિરાજમાન છે. ત્યારબાદ ત્રણ ગર્ભગૃહો છે. તેમાંના મુખ્ય ગર્ભગૃહમાં શ્રી પંચાસરા પાર્શ્વનાથ ભગવાન (૪૫ ઈંચ)ની ભવ્ય પ્રતિમા બિરાજમાન છે તેમજ બાજુમાં મહાવીરસ્વામી તથા બીજી બાજુએ ચંદ્રપ્રભસ્વામીની ભવ્ય પ્રતિમાજીઓ બિરાજમાન છે. જિનાલયનો પ્રત્યેક સ્તંભ આરસનો છે તેમ જ પ્રત્યેક દિવાલ આરસથી સુશોભિત બનાવેલી છે. મુખ્ય મંદિરને ફરતી દિવાલોના પ્રત્યેક થર શિલ્પકળાથી ભરપૂર નકશીવાળા બનાવાયા છે. જેમાં તીર્થંકર ભગવંતોના કલ્યાણક આદિ જીવનપ્રસંગોનાં દૃષ્યો તથા દેવદેવીઓ, દેવાંગનાઓ, ગંધર્વો અને યક્ષો આદિના સ્વરૂપો કોતરાયેલા છે.

અદ્‌ભુત કારીગરીવાળું આ સંપૂર્ણ બાવન જિનાલય તેના ઉચ્ચ શિખરો પર શોભતા કળશો, અને ઉચ્ચ ધ્વજદંડો પર લહેરાતી ધજાઓથી ભવ્ય શોભી રહ્યું છે. મંદ મંદ સંચરતા વાયુ વડે નૃત્ય કરતી ધજાઓ જાણે પ્રભુના દર્શને આવતાં ભાવુક જનોને આવકારની સંકેત કરી રહી છે ! અને રણકાર કરતી ધ્વજદંડની ઘંટડીઓ જાણે પડકાર કરતી હોય તેમ પુણ્યભૂમિ પાટણમાં પ્રવેશ કરતાં પાપને અટકાવી રહી છે !

સં. ૨૦૧૮માં સંપૂર્ણ તૈયાર થયેલું આ ભવ્ય બાવન જિનાલય, પાટણની પુણ્યભૂમિના વિશાળ પટાંગણમાં એક દેવવિમાન સમું શોભી રહ્યું છે. આ જિનાલય જગવિખ્યાત આબુના દેલવાડાના જૈન દેરાઓની ભવ્ય કળાનું સ્મરણ કરાવે છે.

આ પરિસરમાં અન્ય પાંચ જિનાલયો છે, જેમા પ્રાચીન પ્રતિમાજીઓ તથા અન્ય દેવી-દેવતાઓ બીરાજમાન છે. છેલ્લા ઘણાં વર્ષોથી જેઠ સુદ પાંચમના સાલગિરાહ નિમિત્તે ત્રિદિવસીય મહોત્સવનું આયોજન થાય છે અને બહારગામથી પણ ભાવુકો અત્રે પધારી દેવદર્શનનો લાભ લઈ ધન્ય બને છે.

### ભવ્યાતિભવ્ય સુવર્ણ જયંતિ મહોત્સવ

શ્રી પંચાસરા પાશ્વનાથ ભગવાનની પ્રતિષ્ઠા, સંવત ૨૦૧૧ના જેઠ સુદ ૫ ના શુભ દિને થયેલ તેનો સુવર્ણ જયંતિ મહોત્સવ સંવત ૨૦૬૧ તા. ૨૫-૧૨-૨૦૦૪થી તા. ૨૯-૧૨-૨૦૦૪ના પાંચ દિવસીય વિવિધ આયોજનો દ્વારા પ. પૂ. આ. શ્રીમદ વિજય હેમરત્ન સૂરિશ્વરજી મ.સા. નિશ્રામાં ઉજવવામાં આવ્યો. જેમાં મુંબઈ, અમદાવાદ, સુરત, કલકત્તા, મદ્રાસ વિગેરે વિવિધ શહેરોમાંથી પાટણ વાસીઓ પધારી દરેક કાર્યક્રમોમાં ઉમળકાભેર ભાગ લેતા મહોત્સવને ચાર ચાંદ લાગ્યા. આખુ પાટણ શહેર અને આજુબાજુના ગામો પણ આ મહોત્સવના માહોલમાં ભાવવિભોર બન્યા. સમગ્ર પાટણના દરેક મહોલ્લાઓ, રસ્તાઓ, ચોગાનો, દરવાજાઓ, કમાનો અને વાવટાઓથી શોભતા હતા. રાત્રે રોશનીમાં પંચાસર દાદાનું દેરાસર જાણે દેવ વિમાન ધરતી પર ઉતર્યું હોય તેવું લાગતું હતું અને રોશનીમાં દેદીપ્યમાન ભાસતું હતું, તા. ૨૯મી ડિસેમ્બરે ભવ્યાતિભવ્ય અવિસ્મરણીય વરઘોડો નીકળ્યો. તેમાં હાથી, ભગવાનના સાત રથ, અનેક ધાર્મિક રચનાઓ,

## પંચાસરા પાર્શ્વનાથ જિનાલયમાં બિરાજમાન પ્રતિમાજી



આચાર્ય શ્રી શીલગુણસૂરી જેઓશ્રીના વાસક્ષેપથી પાટણની સ્થાપના થઈ



સં. ૧૩૦૧નો લેખ ધરાવતી પાટણના સ્થાપક વનરાજ ચાવડાની મૂર્તિ



સં. ૧૪૫૨નો લેખ ધરાવતી આચાર્ય કક્કસૂરીની મૂર્તિ



સં. ૧૯૬૦નો લેખ ધરાવતી આચાર્ય શ્રી હેમચંદ્રાચાર્ય સૂરીની મૂર્તિ

## મુખ્ય મંદિરને ફરતી શિલ્પકળાથી દિવાલો કે જેને મંડોવર કહેવાય છે



મહિલામંડળો અને બેન્ડવાજા, ઢોલી, નાના બાળકો, યુવા ભાઈ-બહેનો અને સિનિયર સીટીઝન સર્વે વરઘોડામાં ભાગ લઈ પાટણ શહેરને ઘેલું કર્યુ હતું. રાત્રે કુમારપાળ મહારાજાની ભવ્યાતિભવ્ય મહા આરતીમાં સૌ પ્રથમ વખત અકલ્પનીય રકમની ઊછામણી થયેલ અને લગભગ નવ હજાર ભાઈ બહેનોએ ઉપસ્થિત પંચાસરા દાદાની મહા આરતી ઉતારી ભારે રોમાંચ અનુભવ્યો. મહોલ્લા અને રસ્તાઓમાં તથા દહેરાસરજીમાં ભવ્યાતિભવ્ય રંગોળી દ્વારા આબેહુબ ધાર્મિક પ્રસંગોની રચનાઓ કરવામાં આવી હતી. ૫૦ વર્ષનો આ સુવર્ણ જયંતિ મહોત્સવ અનેક વર્ષો સુધી પાટણ વાસીઓ માટે યાદગાર બની રહેશે.

### તીર્થ માર્ગદર્શન

પાટણ તીર્થના દર્શને આવવાથી જિનાલયોની નગરી ગણાતા પાટણ શહેરમાં ૧૦૦થી પણ વધુ જિનાલયો કે જ્યા પ્રસન્નતાનું દાન કરતી અને નિર્વિકાર ભાવોનું દર્શન કરાવતી સંપ્રતી મહારાજા અને કુમારપાળ મહારાજાના સમયની હીરા, પન્ના, સ્ફટીક, સુવર્ણ, રૌપ્યની આહલાદક પ્રતિમાજીઓના દર્શનનો લાભ મળી રહેશે. તેમજ આજુબાજુના પ્રાચીન તીર્થો ચારૂપ, મેત્રાણા, શંખેશ્વર, ગાંભુ, ભીલડીયાજી, તારંગા તેમજ મહેસાણા આદી તીર્થોની યાત્રાનો પણ લાભ મળશે.

પાટણ શહેર રેલ્વેમાર્ગ તથા બસમાર્ગથી જોડાયેલું છે. નજીકના હવાઈમથક અમદાવાદથી ૧૧૦ કિ.મી. દૂર, મહેસાણાથી ૪૫ કિ.મી. તેમજ શંખેશ્વર તીર્થથી ૮૦ કિ.મી.ની દૂરી પર આવેલું છે. ગુજરાતની તીર્થયાત્રાએ નીકળેલા યાત્રીઓ એકવાર આ તીર્થની સ્પર્શના કરી જરૂરથી ધન્ય બનશો.

### તીર્થમાં ઉપલબ્ધ સુવિધાઓ

પાટણ તીર્થમાં અત્યંત આધુનિક ACયુક્ત રૂમો સહીતની ધર્મશાળાઓ ઉપલબ્ધ છે જ્યાં વિશાળ હોલ તથા અલગથી રસોડાની પણ વ્યવસ્થા છે, જેથી સંઘો વિગેરેને ઉતરવા માટે એક આદર્શ વ્યવસ્થા છે. ધર્મ પ્રેમીઓ માટે આયંબીલશાળાની વ્યવસ્થા પણ કાયમી ધોરણે ચાલે છે. આ ઉપરાંત આ પરિસરની બહાર નજીકમાં જ અન્ય ધર્મશાળાઓ તેમજ અને આધુનિક સુવીધા યુક્ત શ્રી પ્રમોદકુમાર કેશવલાલ અતિથિગૃહ તેમજ ભોજનશાળાની સગવડો પ્રાપ્ત છે.

ધર્મ નગરી પાટણ મધ્યે દેવવિમાન તુલ્ય શ્રી પંચાસરા પાર્શ્વનાથ જિનાલયના પરિસરમાં આધુનિક જમાનાને અનુરૂપ અદ્યતન સાધન-સુવિધા યુક્ત સીંગલ/ડબલ બેડ સેલ્ફ કન્ટેઈન્ડ બ્લોક વીથ AC & Non AC સગવડ સાથે new look આપતી લીફ્ટ સાથેની દરેક સુવિધાઓયુક્ત ધર્મશાળા આવેલ છે. કાર પાર્કીંગ તથા રસોડા કરવાની સુવિધાઓ પણ આવેલ છે. પંચાસરા જિનાલય તથા ધર્મશાળાનું સઘળુ સંચાલન પેઢીનું ટ્રસ્ટ મંડળ સંભાળે છે. ટ્રસ્ટીશ્રીઓ પાટણ જઈ જિનાલય તથા ધર્મશાળાના વહિવટમાં અને આવનાર યાત્રાળુઓની સંપૂર્ણ રીતે સગવડતાઓ મળે તેનું સતત ધ્યાન રાખે છે.

**વર્તમાન ટ્રસ્ટ બોર્ડ**

શ્રી કંચનલાલ વાડીલાલ શાહ,
શ્રી ભુપેન્દ્રભાઈ જયંતિલાલ શાહ
શ્રી કીર્તિલાલ મફતલાલ શાહ
શ્રી બાબુલાલ કેશવલાલ શાહ
શ્રી ચીનુભાઈ નેમચંદ શાહ
શ્રી વિરેન્દ્રભાઈ ભગવાનદાસ નગરશેઠ
શ્રી હરનીશભાઈ ફતેહચંદ શાહ
શ્રી સુરેશભાઈ અમૃતલાલ શાહ

સંકલન :- પ્રાપ્ત જૈન સાહિત્યના આધારે


**• પ્રદર્શન - વેચાણ •**

શ્રી પાટણ જૈન મંડળ વિકલાંગ ઉત્કર્ષ સમિતિ દ્વારા, પાટણ ખાતે કાર્યરત **"દિશા કાર્યશાળા"માં** માનસિક વિકલાંગ બાળકો દ્વારા બનાવેલ ધૂપસળી, બટવા, આંગી, શોપીંગ બેગ, ડેકોરેટીવ ડબ્બીઓ, મોતીની માળા, તોરણ વગેરેનું પ્રદર્શન તથા વેચાણ અંગેનો સ્ટોલ **Jivo વુમન્સ** દ્વારા આયોજીત ટ્રેડ ફેરમાં રાખવામાં આવેલ છે. તો દરેકે અવશ્ય તેની મુલાકાત લેવા વિનંતી.

**દિનાંક : બુધવાર, તા. ૩૦-૯-૨૦૧૫**

**સ્થળ : વર્લ્ડ ટ્રેડ સેન્ટર, કફ પરેડ, મુંબઈ.**

# VEGETARIANISM & ECOLOGY

## માઈક્રોસોફ્ટના **બીલ ગેટ્સ** (દુનિયાની સૌથી શ્રીમંત વ્યક્તિ) શાકાહાર વિશે શું કહે છે ?




**IT'S NOT A CHOICE:**
**Unless the human population of the World becomes vegan within the next few years, life, as we know it, will end. THAT MEANS YOUR CHILDREN WILL DIE before they reach your present age! Meat and dairy productions causes more sufferring and enviornmental damage than all the wars in history. Veganism is not a choice, it's our only option**

Current issue of meat ban and protest against it is politically motivated... Let people know why vegetarianism is useful for the world, irrespective of religion, culture, geography...

## Scientific Facts:

Benefits

***The Environment :***

**1. Conservation of Fossil fuel :** It takes 78 calories of fossil fuel to produce 1 calorie of beef protein; 35 calories for 1 calorie of pork; 22 calories for 1 of poultry; but just 1 calorie of fossil fuel for 1 calorie of soybeans. By eating plant foods instead of animal foods, we help conserve our non-renewable sources of energy.

**2. Water Conservation :** It takes 3 to 15 times as much water to produce animal protein as it does plant protein. As a vegetarian, we contribute to water conservation.

**3. Efficient use of Grains :** It takes up to 16 pounds of soybeans and grains to produce 1 lb. of beef and 3 to 6 lbs. to produce 1 lb of turkey & egg. By eating grain foods directly, we make the food supply more efficient & that contributes to the environment.

**4. Soil conservation :** When grains & legumes are used more efficiently, our precious topsoil is automatically made more efficient in its use. We use less agricultural resources to provide for the same number of people.

**5. Saving our forests :** Tropical forests in Brazil and other tropic regions are destroyed daily, in part, to create more acreage to raise livestock. By not supporting the meat industry, we directly reduce the demand to pillage these irreplaceable treasures of nature. Since the forest land "filters" our air supply and contains botanical sources for new medicines, this destruction is irreversible.

**6. Aesthetics :** Decaying animal parts, whether in a freezer case or served in restaurants, can never be as aesthetically pleasing to the senses as the same foods made from wholesome vegetable sources. Only habit can allow one not to perceive this: a change in diet makes this self evident.

***Personal Health :***

**7. No deficiencies :** There is no nutrient necessary for optimal human functioning which cannot be obtained from plant food.

**8. High fat plus Cholesterol :** Animal foods are higher in fat than most plant foods, particularly saturated fats. Plants do not contain cholesterol.

**9. "Carb" deficient :** Meat is deficient in carbohydrates, particularly the starches which are so essential to proper health.

**10. Vitamin deficient :** Except for the b-complex, meat is largely deficient in vitamins.

**11. Agricultural Chemicals :** Being higher on the food chain, animal foods contain far higher concentrations of agricultural chemicals than plant foods, including pesticides, herbicides, etc.

**12. Exposure to Livestock Drugs :** There are over 20,000 different drugs, including sterolids, antibiotics, growth hormones and other veterinary drugs that are given to livestock animals. These drugs are consumed when animal foods are consumed. The dangers herein, in secondary consumption of

antibiotics, are well documented.

**13. Pathogenic Microorganisms :** There are a host of bacteria and viruses, some quite dangerous, that are common to animals. When one eats meat, he eats the organisms in the meat. Micro-organisms are present in plant foods too, but their number and danger to human health is by no means comparable to that of those in meat.

**14. Shelf life differential :** Plant foods last longer than animal foods. Try this experiment: Leave out a head of lettuce and a pound of hamburger for 1 day, which will make you sick?

**15. Organoleptic :** Indications of Pathenogens. Plant foods give tell-tale signs of "going bad". Ever hear of someone getting sick from "bad broccoli"?

**16. Heart Disease :** Meat eating increases the risk of heart disease, this is country's #1 killer. The correlation is an epidemiological fact.

**17. Cancer prevention :** Of all the natural cancer prevention substances found: Vitamin C, B-17, hydroquionones, beta carotene, NDGA, - none has been found to be animal derived. Yet most meats, when cooked, produce an array of benzenes and other carcinogenic compounds. Cancer is infinitely easier to prevent than cure. Soybeans contain protease inhibitor, a powerful anticancer compound. You won't find it in useful quantities in animal based food.

**18. Disease Inducing :** The correlation between meat consumption and a wide range of degenerative diseases is well founded and includes Osteoporosis, Kidney Stones and Gallstones, Diabetes, MultipleSclerosis, Arthritis, Gum Dis ease, Acne : Aggravated by animal food etc.

**19. Obesity :** Studies confirm that vegetarians tend to be thinner than meat eaters. Obesity is considered by doctors to be a disease within itself.

**20. Intestinal Toxemia :** The condition of the intestinal flora is critical to overall health. Animal products putrefy the colon.

**21. Transit time :** Wholesome food travels quickly through the "G.I" tract, leaving little time to spoil and incite disease within the body.

**22. Fiber deficient :** Fiber absorbs unwanted, excess fats; cleans the intestines; provides bulk and aids in peristalsis. Plant food is high in fiber content; meat, poultry and dairy products have none.

**23. Body wastes :** Food from animals contain their waste, including adrenaline, uric and lactic acid, etc., Before adding ketchup, the biggest contributors to the "flavor profile" of a hamburger are the leftover blood and urine.

**24. Excess protein :** The average American eats 400% of the RDA for protein. This causes excess nitrogen in the blood that creates a host of long-term health problems.

**25. Longevity :** To increase one's risk of getting degenerative disease means decreasing ones chance to live a naturally long healthy life. Huzas and other peoples with large centenarian populations maintain lifestyles that are relatively meat free.

**26. Well Being :** Many feel better since "giving up" meat and becoming vegetarians.

***Personal Finances :***

**27. Health care costs :** Being healthier on a vegetarian diet means spending less on health care.

**28. Food costs :** Vegetarian foods tend to cost less than meat based items.

**Ethics**

**29. Love of animals :** We love animals as we love our Selves. We cannot have any desire to kill them or cause them harm.

**30. Respect for Sentient Life :** We show gratitude by eating as low on the food chain as possible.

**31. "Economic Vote" :** We save money and environment when we eat vegetarian food. Industry and the way they operate when I purchase and use their products.

**32. Natural diet :** Our hands, teeth, feet, intestinal tract...even our body chemistry is that of an herbivore.

**33. "Protecting the Temple" :** "Whatever affects the body has a corresponding effect on the mind and soul"

**34. I believe in nonviolence :** Slaughter isn't.

**35. World Peace :** There can never be Peace among men while men are declaring war on other highly developed life forms.

**36. Easy substitutes :** There are vegetable based substitutes for every meat product imaginable.

# સામાન્ય બિમારીઓ અને ઘરઘથ્થુ ઈલાજ

## હાઈ બ્લડ પ્રેશર

હાઈ બ્લડ પ્રેશર જેને દેશી ભાષામાં ઉચ્ચ રક્તચાપ અથવા લોહીનું ઊંચું દબાણ કહે છે... આધુનિક યુગની અટપટી વ્યાધિ છે. દરેક ઘરમાં એકાદ જણને આ વ્યાધિ અવશ્ય જોવા મળે છે. એક સાવ નિર્દોષ સરળ ને સફળ પ્રયોગ એ છે કે, હાઈ બી.પી. ધરાવતી વ્યક્તિએ નિત્યપ્રતિ આહારમાં ઘઉનો લોટને ચણાનો લોટ સરખે ભાગે મેળવીને મિશ્ર લોટમાંથી બનાવેલી રોટલી જ ખાવી. આહારના અન્ય નિયમોનું પાલન કરવું. અને, હા ! આ ઘઉં - ચણાના લોટનો થૂલા સહિત પ્રયોગ કરવો. હાઈ બ્લડ પ્રેશરની કુદરતી સારવારનો આ એક મહત્વનો ભાગ છે... **ઘઉં - ચણાના લોટની રોટલીઓનો રોજિંદા આહારમાં પ્રયોગ !**

## બ્લડપ્રેશરમાં રુદ્રાક્ષ

રુદ્રાક્ષ આમ તો હિન્દુસ્તાનમાં ધાર્મિક મહત્વ ધરાવે છે અને તે એકમુખીથી ચૌદમુખી સુધીના જોવા મળે છે... તેનું ઔષધીય મહત્વ પણ ઘણું છે ! રુદ્રાક્ષમાં ચુંબકીય શક્તિ રહેલી છે જે શરીરના ચુંબકીય ક્ષેત્ર ઉપર જરૂર પ્રભાવ પાડે છે.

હૃદયની ગતિ ઉપર રુદ્રાક્ષનો સીધો પ્રભાવ રહે છે.

**જો, હાય કે લો કોઈ પણ પ્રકારનું બ્લડપ્રેશર રહેતું હોય તો દોરામાં પરોવીને રુદ્રાક્ષ ગળે બાંધવાની સલાહ છે.** ગંગાજળથી ધોઈ આ રીતે રુદ્રાક્ષ પૂનમના દિવસે ધારણ કરવાથી તમામ પ્રકારના બ્લડપ્રેશમાં રાહત થઈ બ્લડપ્રેશર સામાન્ય રહે છે.

રુદ્રાક્ષ ધારણ કર્યા બાદ, ખાસ માંસ-મંદિરાનું સેવન કરવું નહીં જોઈએ.

## હૃદયરોગ અને હાઈ બીપી

હૃદયરોગ - હાઈ બ્લેડપ્રેશર - રક્તમાં કોલેસ્ટ્રોલ વૃદ્ધિ વગેરે તમામ સમસ્યાઓમાં એક અક્સીર અને અસરકારક કુદરતી ઉપચાર છે.

**તરબૂચના બીજનો ગર તથા ખસખસ સરખે ભાગે લઈ બારીક ચૂર્ણ કરી લેવું, બસ એક અમોઘ ઔષધિ તૈયાર થઈ ગઈ જે હૃદય અને રુધિર સંબંધી રોગો નષ્ટ કરવાનું કામ કરે છે.**

આ ઔષધિ રોજ સવારે ને સાંજે ૧-૧ ચમચો પ્રમાણમાં વ્યક્તિએ પાણી સાથે નિયમિત લેવી જોઈએ.

અન્ય હાનિસૂચક મોંઘીદાટ દવાઓ તથા જટીલ સારવારો કરતા આ પ્રયોગ એક દરજ્જે સારો છે ને અસરકારક પણ છે જે કરતા રહી ચોખ્ખો લાભ મેળવી શકાય છે.

## હૃદયની કમજોરી ને શિયાળો

હૃદયની કમજોરી અથવા વિવિધ પ્રકારના હૃદયરોગો ધરાવતી વ્યક્તિઓને શિયાળો મોટે ભાગે હાનિસૂચક રહે છે, જેમ દમના રોગીને સામાન્ય રીતે શિયાળો અનુકૂળ નથી પડતો તેમ હૃદયરોગીને પણ શિયાળો તકલીફમાં વૃદ્ધિ કરે છે.

દરેક હૃદયરોગીને શિયાળામાં કોઈ મોટી ફરિયાદ ઊભી ન થાય તે ખાતર એક ખાસ પ્રકારનું શરબત સવાર-સાંજ નિયમિત પીતા રહેવાની સલાહ છે. કેવી રીતે તૈયાર કરશો ? **૭ પાન તુલસી, ૫ નંગ મરી, ૪ નંગ બદામ, ૨૧ નંગ લવિંગ બધુ પાણીમાં વાટી - કરી જરૂરત મુજબ સાકર ઉમેરી અથવા શુધ મધ ઉમેરી દીધું એટલે આ શરબત તૈયાર થઈ જાય છે.** આ નિર્દોષ નૈસર્ગિક શરબત શિયાળામાં હૃદયરોગીઓને અકલ્પ્ય લાભ કરે છે.

## શ્વાસરોગ

શ્વાસરોગ એટલે કે, દમનો વ્યાધિ જેને અસ્થમા પણ કહે છે. સાદી ભાષામાં હાંફ તરીકે ઓળખાય છે. આ રોગમાં આહાર-વિહારના નિયમોનું પાલન જરૂરી હોય છે.

સાથે એક સુંદર ને પ્રભાવકારી પ્રયોગ એ છે કે **દમના રોગીએ દિવસમાં ૩-૪ વખત નિયમિત ગરમાગરમ પાણીના મોટા ટબમાં પોતાના બન્ને પગ ૧૦-૧૦ મિનિટ સુધી ડૂબાવી રાખવા** અને આ રીતે પગ ઉપર ગરમ પાણીનો શેક લેતા રહેવું. આ પ્રયોગ એટલો અક્સીર છે કે અજમાવનાર કોઈપણ વ્યક્તિને ઓછા વત્તા પ્રમાણમાં રાહત થઈ જ જાય છે ! અને પ્રયોગ બિનખર્ચાળ તથા સરળ... કોઈ પણ જાતની આડઅસરનો ડર નહીં.

## લકવો

લકવો, કોઈકને આખા શરીરનો તો કોઈકને અર્ધાંગનો તો કોઈકને શરીરના અમુક ભાગ પૂરતો મર્યાદિત હોય છે. લકવાની એક લગભગ સફળ નૈસર્ગિક ચિકિત્સા અહીં બતાવી છે.

**ઉકળતા શુદ્ધ જળ અડધા કપ પ્રમાણમાં ૨ મોટા ચમચા મધ નાખી પછી ઠંડુ પડવા દેવું, એ જ ઠંડુ પડે એટલે તાજું તાજુ પીવું. મધ શુદ્ધ હોવું જોઈએ** ને તે નાખ્યા બાદ પાણી ઉકાળવું નહીં ! તરત ઠંડુ પડવા દેવું... આ પ્રયોગ નિરંતર જાળવી રાખવાથી... દિવસમાં ત્રણેક વખત સવાર બપોર સાંજ પ્રયોગ કરવો. લકવાના રોગીને ચોખ્ખો ફરક માલૂમ પડે છે.

સાથે સફરજન, દ્રાક્ષ, નાસપતી જેવા રસદાર ફળોનો રસ પણ રોગીએ લેતા રહેવાની સલાહ છે.

(વધુ આવતા અંકે)

Sr. No.

MDBTL Version 1.0(U)/12-14

# PAHAL (DBTL) SCHEME JOINING FORM
# (To be submitted to LPG distributor/Bank*)

To,
Distributor/Bank*
(Name/Branch)__________ District__________ State__________

**Sub: My joint authorization to my OMC and my Bank whose details are given below**

I authorize my OMC/my bank to update/share my Aadhaar No./demographic data/bank account details between themselves. I further confirm to receive LPG Subsidy due to me into my bank account (choose option 1 OR 2) or give up my LPG subsidy (choose Option 3) below ( Tick √ only ONE option below):

| Option | Choose ONE option based on condition below (Tick ONE below) | | Which parts you need to fill up below and where to submit the form(s) |
|---|---|---|---|
| Option 1 | If you have Aadhaar | ☐ | Take two copies of this form. In one copy fill Part A and Part B and give to distributor AND in another copy fill part A, B and C and drop in Drop Box or go and give this copy to your bank branch. |
| Option 2 | If you don't have Aadhaar | ☐ | Fill up part A and part C and submit either at LPG distributorship or at bank. |
| √ Option 3 | If you don't want subsidy on LPG | ☐ | Fill up part A only and submit at LPG distributorship. |

PART A

**PART A: LPG CONNECTION DETAILS (attach copy of Cash Memo or Blue book or certificate from Distributor)**

| | | | | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| LPG Consumer No | | | | | | | | | | | | | | | | | | | | | |
| 17 digit LPG ID (Don't fill anything in x) | | x | | | | | x | | | | | x | | | | | x | | | | |
| Name exactly as it appears in LPG Connection (IN BLOCK LETTERS) | | | | | | | | | | | | | | | | | | | | | |
| Mobile No# | + | 9 | 1 | | | | | | | | | | | | | | | | | | |

#Please provide mobile no. in case you do not have a mobile no. you can give the mobile no. of any of your family member. That mobile no. will be updated by OMC against your connection to contact you and will overwrite the earlier mobile no. if any.

PART B

**PART B: PARTICULARS OF MY AADHAAR CARD (attach copy of Aadhaar card)**

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| Name as it is in Aadhaar Card | | | | | | | | | | | | |
| Aadhaar Number | | | | | | | | | | | | |

PART C

**PART C: PARTICULARS OF MY BANK ACCOUNT (attach copy of passbook/ bank statement/ cancelled cheque having name of account holder, A/C No. and IFSC code printed on it)**

| | |
|---|---|
| Name exactly as it is in the Bank Account (IN BLOCK LETTERS) | |
| Bank Name | |
| Branch Name | |
| IFSC Code | |
| Bank Account Number | |

I hereby confirm:

- **The facts stated above are true and correct to the best of my knowledge and belief.**
- I request the bank / OMC to **Link my bank account to Aadhaar number** or **Link my bank account to my LPG account** or **Link my 17 digit LPG ID to my bank account***.
- I will advise changes if any to the Distributor/Company.
- I shall not hold IOC/HPC/BPC/MoP&NG responsible for any delays/non receipt of subsidy in case of change/closure/deactivation of my Bank Account/ Bank not in NACH or for any rejection by Bank or non-confidentiality of any information.
- I have exercised option-2 because I don't have Aadhaar number *. I promise to submit Aadhaar as soon as I receive the Aadhaar number to my LPG distributor and also get it linked to my above Bank account.
- **I also understand that any false declaration made above attracts punishment under Indian Penal Code.**

Date:________ Received on________

Place:________ Signature of the Consumer________ Sign and Stamp of the Distributor/Bank*________

---

**ACKNOWLEDGEMENT SLIP**

Received PAHAL (DBTL) Scheme Joining form from (Name)________,

Con. No:________

Date:________

*Strike out whichever is not applicable

Sign & Stamp of LPG Distributor/Bank*________

# પટ્ટણીઓના સામુહિક પુણ્ય ઉપાર્જન માટે મહામંગળકારી અને ઉપકારી મહામંત્રના જાપનું આયોજન રવિવાર તા. ૧૦ જાન્યઆરી, ૨૦૧૬

નવકાર જાપના પ્રારંભ પહેલા ૐ હ્રીઁ ૐના મંત્રોચ્ચારના આંદોલિત તરંગોથી શરીરને સર્વે અંગે આંદોલિત થાય છે અને પ્રાણાયામની પૂરક, કુંભક અને રેચક પ્રક્રિયા શરૂ થાય છે. શરીર અને આસપાસનું વાતાવરણ સજીવ – નીર્જીવ, જળ-ચેતન વગેરે પદાર્થો શુદ્ધ અને પવિત્ર બને છે. આસૂરી તત્વો દૂર ભાગે છે. પરમ તેજોમય શક્તિનું સંચારણ થયાની અનૂભુતિ પ્રાપ્ત થાય છે. આ નવકાર જાપ એકજ આસને, એકજ સમયે શક્ય હોય તો વહેલી સવારે નિયમિત કરીને પોતાના જીવનને ઉજમાળ કરવું જોઈએ.

**આપણા પૂણ્યબળે નવકાર મહામંત્રના અનેરા ઉપાસક શ્રી જયંતભાઈ ‘રાહી’ આપણને નવકાર મંત્રના સામુહિક જાપ કરાવશે. જેમણે કરોડો જાપ કરાવ્યા છે તેમના સાનિધ્યમાં સર્વને લાભ લેવા ખાસ વિનંતી છે.**

**સામુહિક નવકાર મંત્રના જાપના અનંતગણા પુણ્યના સહભાગી થઈ સ્પોન્સર્સ (રૂ. બે લાખ) થવા માટે દાનવીરોને હાર્દિક આમંત્રણ છે તેમને વિશિષ્ટ બેઠક અને ખાસ મહેમાનો માટે પાસો ફાળવવામાં આવશે.**

**બેઠક વ્યવસ્થા આગવી રીતે ગોઠવી શકાય તે માટે દરેકને વહેલો તે પહેલોના ધોરણે આ કાર્યક્રમના પાસ આપવામાં આવશે, જેની વિગતો આગામી અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.**

## (૧) જ્ઞાન મુદ્રા



આ મુદ્રામાં સુખાસને કે પદ્માસને બેસીને સર્વપ્રથમ ઉંડો શ્વાસ લઈ ત્રણવાર ૐ હ્રીઁ ૐનું લંબાણપૂર્વક ઉચ્ચારણ કરી નવકારજાપમાં પ્રવૃત્ત થવું. જ્ઞાન મુદ્રામાં તર્જનીની ટોચને અને અંગૂઠાની ટોચને ભેગી કરી બાકીની મધ્યમાં, અનામીકા અને કનિષ્ઠિકા આગળીઓ સાથે સીધી રાખવાથી આ મુદ્રા બને છે. આ મુદ્રામા બન્ને હાથ ઢીંચણ પર રાખી ટટ્ટાર બેસવુ આવશ્યક છે. આ મુદ્રામાં ૧૨ કે ૨૭ વાર ઉંડો શ્વાસ લઈ ધીરે ધીરે લયબદ્ધ રીતે નવકાર જાપ કરવાથી તેના દિવ્ય પ્રભાવે આપણી માનસિક એકાગ્રતા, યાદ શક્તિ અને પ્રસન્નતા વધે છે. મનમાં અપૂર્વ શાંતિની અનૂભુતિ થાય છે. જ્ઞાન ન જડતું હોય તો સ્વયં જ્ઞાન વધે છે. આ મુદ્રાથી મગજના જ્ઞાનતંતુઓ ક્રિયાવંત બને છે, જે આજના તાળભર્યા જીવનમાં સર્વશ્રેષ્ઠ ઔષધિરૂપ બની રહે છે.

## (૨) સમન્વય મુદ્રા



આ મુદ્રામાં સુખાસને કે પદ્માસને બેસીને **સર્વપ્રથમ ઊંડો શ્વાસ લઈને ત્રણવાર ૐ હ્રીઁ ૐનું લંબાણપૂર્વક ઉચ્ચારણ કરી નવકાર જાપમાં પ્રવૃત્ત થવું.** આ સમન્વય મુદ્રામાં પાંચેય આંગળીઓની ટોચ મેળવીને હાથ સીધો રાખી બન્ને ઢીચણ પર હાથ રાખવાની આ સાન્વય મુદ્રા બને છે. આપણા શરીરમાં રહેલાં પાંચ તત્વોનું આ મુદ્રાથી સંયોજન કે સમન્વય થાય છે. એથી આ મુદ્રાને સમન્વય મુદ્રા તરીકે ઓળખવામાં આવે છે. આ મુદ્રામાં ઊંડો શ્વાસ લઈ ધીરે ધીરે લયબદ્ધ રીતે સ્પષ્ટ ઉચ્ચારણથી ૨૭ વખત નવકાર જાપ કરવાથી એના દિવ્ય પ્રભાવે સર્વ સમન્વય ભાવ જાગે છે. આ મુદ્રાથી આપણા દેહ અને આભા મંડળમાં પ્રવેશેલા અનિષ્ઠ તત્વનું નિવારણ થઈ સાત્વિકતાનો વિકાસ થાય છે. આ મુદ્રામાં જાપ કરવાથી સમગ્ર વિશ્વ પ્રત્યે સમન્વય ભાવોનું આપણા જીવનમાં નિરૂપણ થતાં પ્રાણી માત્ર પ્રત્યેની કલ્યાણની ભાવના પ્રગટ થાય છે.

## (૩) પ્રાણ મુદ્રા



આ મુદ્રામાં સુખાસને કે પદ્માસને બેસીને **સર્વપ્રથમ ઊંડો શ્વાસ લઈને લંબાણપૂર્વક ત્રણ વાર ૐ હ્રીઁ ૐનું ઉચ્ચારણ કરી નવકાર જાપમાં પ્રવૃત્ત થવુ.** પ્રાણ મુદ્રામાં અંગૂઠાની ટોચ પર કનિષ્ઠિકાથી ટોચ અને કનિષ્ઠિકાના નખ પર અનામિકાની ટોચ રાખી અંગૂઠાથી હલકું દબાણ આપી બાકીની બે આંગળીઓ સીધી રાખી ઢીંચણ પર બન્ને હાથ રાખી ઊંડો શ્વાસ લઈ ધીરે ધીરે લયબદ્ધ રીતે સ્પષ્ટ ઉચ્ચારણથી ૨૭ વખત નવકાર જાપ કરવાથી એના દિવ્ય પ્રભાવથી પ્રાણશક્તિનો વિકાસ થાય છે. કરોડરજ્જુ સીધી રાખી પ્રાણ મુદ્રા કરવાથી પ્રાણ ઊર્જા સક્રિય બની ઉર્ધ્વમુખી બને છે. જેનાથી ઈન્દ્રિય, અને ભાવોમાં સુક્ષ્મ પરિવર્તન આવતાં વ્યક્તિની ચેતના ઉર્ધ્વગામી બને છે. લોહી અને શ્વાસની પ્રક્રિયાના તમામ અવરોધો દૂર થાય છે. આંખની બીમારી દૂર થાય છે. સાધક શારીરિક અને માનસિક દ્રષ્ટિએ શક્તિશાળી બને છે.

## (૪) શંખ મુદ્રા



આ મુદ્રામાં સુખાસને કે પદ્માસને બેસીને **સર્વપ્રથમ ઊંડો શ્વાસ**

**લઈ લંબાણપૂર્વક ત્રણ વાર ૐ હ્રીં ૐનું ઉચ્ચારણ કરી નવકાર જાપમાં પ્રવૃત્ત થવું.** શંખ મુદ્રામાં ડાબા હાથના અંગૂઠાને જમણા હાથની હથેળીની મધ્યમાં રાખી જમણા હાથની મુકી (ફક્ત જમણા હાથને ખુલ્લો રાખો) વાળી લો. ડાબા હાથની તર્જની (પહેલી આંગળી)ને જમણા હાથના અંગૂઠાની ટોચ મિલાવો, હવે ડાબા હાથની બાકીની આંગળીઓ જમણા હાથની મુઠ્ઠી પાછળ રાખી બન્ને હાથ આપણા નાભી કેન્દ્ર (પેટ) ઉપર રાખી ઉંડો શ્વાસ લઈ ૧૨ કે ૨૭ વાર ધીરે ધીરે લયબદ્ધ રીતે નવકાર જાપ કરવા.

આ મુદ્રાના પ્રભાવથી થાયરોડ જેવા રોગ દૂર થાય છે. શરીરમાં રહેલ અનિષ્ઠ તત્વોનું વિસર્જન થાય છે અને ઈષ્ટ તત્વનું આગમન થાય છે. નાભી સાથે શરીરમાં રહેલી ૭૨ હજાર નાડીઓની વિશુદ્ધિ થાય છે.

## (૫) ધ્યાન મુદ્રા



આ મુદ્રામાં સુખાસને કે પદ્માસને બેસીને **સર્વપ્રથમ ઊંડો શ્વાસ લઈ લંબાણપૂર્વક ત્રણ વાર ૐ હ્રીં ૐનું ઉચ્ચારણ કરી નવકાર જાપમાં પ્રવૃત્ત થવું.** ધ્યાન મુદ્રામાં ડાબા હાથની હથેળી ઉપર જમણાહાથની હથેળી મુકી બન્ને અંગુઠાને એકબીજાને મેળવી નાભી નીચે (પાલીઠી વચ્ચે) સ્થાપિત કરવાથી ધ્યાન મુદ્રા બને છે. આ મુદ્રાને વીતરાગ મુદ્રા પણ કહેવામાં આવે છે. આ મુદ્રામાં ઉંડો શ્વાસ લઈ ૧૨ કે ૨૭ વાર ધીરે ધીરે લયબદ્ધ રીતે નવકાર જાપ કરવા. આ મુદ્રા દ્વારા કરાતા નવકાર જાપના દિવ્ય પ્રભાવથી મનની ચંચળતા દૂર થઈ ધ્યાનમાં ઉચ્ચ ભૂમિકા, સમાધિ અને ચિત્તપ્રસન્નતાનો પમરાટ ભળવાથી આત્મસાક્ષાત્કાર સુધી પહોંચવાની પરમ શક્તિ મળે છે.

---

## પટ્ટણીઓનું ગૌરવ

**વિવિધ ક્ષેત્રે અનેરી સિદ્ધિ હાંસલ કરનારા સૌને પાટણ મંડળના ખુબ ખુબ અભિનંદન અને શુભેચ્છા**

● **કસુંબિયા વાડાના** ડૉ. વૃંદા અને **શ્રી યોગેશ ચંપકલાલ શાહની** સુપુત્રી **ચિ. રિવા** The Bombay Incorporated Law Society દ્વારા સને ૨૦૧૫ની સોલીસીટરની પરીક્ષામાં પ્રથમ પ્રયાસે ઉત્તીર્ણ થયેલ છે એમની ઝળહળતી સિદ્ધિ માટે હાર્દિક અભિનંદન અને ભાવિ કારકીર્દિ માટે શુભેચ્છા!

● **શાંતિનાથની પોળ**ના હાલ શિરપુર સ્થિત શ્રી નરેન્દ્રકુમાર ચંપાલાલ શાહના સુપુત્ર **ચિ. યશ** મહારાષ્ટ્ર યુનિવર્સીટી ઓફ હેલ્થ સર્વીસ, નાશિક દ્વારા લેવાયેલ BDS પરીક્ષામાં ઉત્તીર્ણ થયા છે. સાથોસાથ આગળ MDS કરવાની ભાવના છે. ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી સંસ્થા, સમાજ અને પરિવારને ગૌરવ અપાવનાર ચિ. યશ શૈક્ષણિક ક્ષેત્રે નવા નવા કીર્તિમાન સ્થાપે... શુભકામના.

● **કનાસાના પાડાના શ્રીમતી કલ્પનાબેન તથા શ્રી જતીનભાઈ પોપટલાલ શાહની** દોહીત્રીઓ પાટણના લખીયાર વાડાના હાલ અંધેરી સ્થિત **શ્રીમતી ચૈતાલીબેન તથા શ્રી તેજશભાઈ કીર્તિલાલ શાહની** સુપુત્રી **ચિ. રીયા** (ઉં.વ. ૧૩), ઉત્પલ સંઘવી સ્કુલમાં અભ્યાસ કરે છે. આટલી વયમાં તેણે ડાન્સ સ્પર્ધાઓમાં અનેક એવોર્ડ પ્રાપ્ત કર્યા છે. તથા **શ્રીમતી જુલી તથા શ્રી વિક્રમભાઈ પ્રવીણચંદ્ર શાહની** સુપુત્રી **ચિ. હેલી** (ઉં.વ. ૧૩) સેન્ટ જોન યુનિવર્સલ સ્કુલમાં અભ્યાસ કરે છે અને માત્ર છ વર્ષની ઉંમરથી ભારતનાટ્યમનો અભ્યાસ કરેલ છે. સાથોસાથ ચેસ તથા વકૃત્વની વિવિધ સ્પર્ધાઓમાં પણ એવોર્ડ પ્રાપ્ત કરેલ છે.

ઉપરોક્ત બન્ને દીકરીઓએ **નૃત્ય કલા કેન્દ્રના સ્થાપક શ્રી પુજા શેટ્ટીની** કેળવણીમાં નૃત્યકળા શિખેલ છે, તેમનો આરંગેત્રમનો પ્રયોગ રવિવાર તા. ૨૮-૬-૨૦૧૫ના ભાઈદાસ ખાતે યોજાયેલ. જેમાં આ બન્ને આશાસ્પદ નૃત્યાંગના રૂપે રજુ થઈ શૃંગાર, હાસ્ય કરૂણા, રૌદ્ર, વિરા, ભયાનકા, બિભસ્તા, અદ્‌ભુતા, શાંત વગેરે નવેનવ રસનું અદ્‌ભુત પ્રદર્શન કરી શ્રોતાજનોનો તાળીઓના ગડગડાટની અધિકારી બનેલ.

**ચિ. હેલી** તથા **ચિ. રીયાને** સંસ્થા તરફથી હાર્દિક અભિનંદન તેમજ ભવિષ્યમાં નૃત્યકળાક્ષેત્રે યશોજ્વળ કારકિર્દી સાધી સંસ્થા સમાજ તથા પરિવારનું નામ રોશન કરે તેવી શુભેચ્છાઓ.

● **Dhandherwado**, Goregaon (E) **Shri Yatin Pratapchand Shah** was elected to National Council of Institute of Indian Foundry men for the year Sept. 2015 to Aug. 2017. He is also elected to Council of American Society of Materials for the year 2015-2017, India Chapter & is executive committee member of Industry. Educational Institute coordination committee having head quarters in OHIO, USA.

PJM sends hearty congratulations to all, for their Achievements and with great success.

---

## પોસ્ટ ગ્રેજ્યુએટ મેરીટ સ્કોલરશીપ

**શ્રી પાટણ જૈન મંડળ તથા શ્રી કેશવલાલ કીલાચંદ ચેરીટેબલ ટ્રસ્ટ** દ્વારા સંયુક્તપણે પ્રતિવર્ષ પોસ્ટ ગ્રેજ્યુએશનનો અભ્યાસ કરનાર પ્રતિભાશાળી / તેજસ્વી વિદ્યાર્થી ભાઈ-બહેનોને તેમની **શૈક્ષણિક ગુણવત્તાના ધોરણે વાર્ષિક રૂા. ૧૦,૦૦૦/-** (અંકે રૂપિયા દસ હજાર)ની એક એવી બે પોસ્ટ ગ્રેજ્યુએટ મેરીટ સ્કોલરશીપ આપવામાં આવે છે.

તદ્‌અનુસાર બિઝનેશ મેનેજમેન્ટ, મેડીકલ સાયન્સ, કૉમ્પ્યુટર એન્જિનિયરીંગ, આઈએએસ અથવા ડૉક્ટરેટ પી.એચ.ડી. (કોઈપણ વિષય) તેમજ આવા પ્રકારના ઉચ્ચ કક્ષાના પોસ્ટ ગ્રેજ્યુએશન કોર્ષમાં ઉત્તિર્ણ થયેલા વિદ્યાર્થી ભાઈ-બહેનોને મેરીટ સ્કોલરશીપ આપવા અંગેના અરજી પત્રકો મંગાવવામાં આવે છે. આ અંગેનું ફોર્મ મંડળના કાર્યાલયમાંથી મેળવી સંપૂર્ણ વિગતો સહ ભરીને **તા. ૧૦-૯-૨૦૧૫ સુધીમાં પરત મોકલાવી આપવા વિનંતી છે.**

**પ્રસ્તુત સ્કોલરશીપ માટે વિદ્યાર્થીઓની શૈક્ષણિક ક્ષેત્રની તેજસ્વીતાને જ પ્રાધાન્ય અપાય છે, જેની ખાસ નોંધ લેવી.**

❑ **શિક્ષણ સમિતિ**

# સાભાર સ્વીકાર

**સમાજ ઉત્કર્ષ ભેટ**

૪,૦૦,૦૦૦ એક સદ્‌ગૃહસ્થ તરફથી
૩,૦૦,૦૦૦ શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહ (મલ્લાતનો પાડો)
૨,૫૦,૦૦૦ શ્રી કલ્પેશભાઈ ચીનુભાઈ શાહ (કુંભારીયા પાડો)
સ્વ. શ્રી ચીનુભાઈ ચીમનલાલ શાહ તથા
સ્વ. શ્રીમતી પદમાબેન ચીનુભાઈ શાહના સ્મરણાર્થે
હ. શ્રી ચિત્રાંગભાઈ કલ્પેશભાઈ શાહ
તથા શ્રીમતી મીનળબેન કલ્પેશભાઈ શાહ
૨,૦૦,૦૦૦ શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી (મનમોહનજીની શેરી)
૨,૦૦,૦૦૦ શ્રી મહાસુખલાલ પોપટલાલ શાહ (વાસુપૂજ્યની શેરી)
૧,૨૫,૦૦૦ શ્રીમતી પ્રજ્ઞાબેન દિપકભાઈ રેવંતીલાલ શાહ
(કનાસાનો પાડો)

**વૃદ્ધજન, શિક્ષણ, મેડીકલ, આર્થિક સહાય તથા વિકલાંગ ઉત્કર્ષ ભેટ**

૨,૫૧,૦૦૦ શ્રી જીવણલાલ નાથાલાલ ખાંડવાલા (કેશુશેઠનો પાડો)
હ. શ્રી પરેશભાઈ જીવણલાલ ખાંડવાલા
તથા શ્રીમતી પંકીતા પરેશભાઈ ખાંડવાલા

**શૈક્ષણિકસહાય / વિકલાંગ ઉત્કર્ષ કોરપસ ફંડ**

૧,૦૦,૦૦૦ શ્રી શીરીષભાઈ મફતલાલ શાહ (પંચોટીપાડો)

**હેલ્થકેર સાધન ભેટ**

૫૦,૦૦૦ શ્રી વાડીલાલ ચુનીલાલ ચેરીટી ટ્રસ્ટ (મનમોહનજીની શેરી)
૫,૦૦૦ શ્રી વ્રજલાલભાઈ ભગવાનદાસ શાહ

**સિદ્ધહેમ જ્ઞાનપીઠ ભેટ**

૨૦,૦૦૦ શ્રીમતી દમયંતીબેન મંગળભાઈ શાહ (લખીયાર વાડો)
૫,૦૦૦ શ્રીમતી લીનાબેન નરેશભાઈ ગાંધી (વાસુપૂજ્યની શેરી)

**વિકલાંગ ઉત્કર્ષ ભેટ**

૧૫,૦૦૦ શ્રીમતી પ્રણીતાબેન પ્રણવભાઈ દોશી
મૃત્યુંજય તપસ્યા નીમીત્તે
૧૦,૦૦૦ શ્રીમતી સૂર્યબાળાબેન કીર્તિલાલ શાહ
(મહાલક્ષ્મીમાતાનો પાડો)
રૂા. ૫૦૦૦/- વિકલાંગ ઉત્કર્ષ ભેટ
રૂા. ૫૦૦૦/- દિશા કાર્યશાળા, પાટણ

**શિક્ષણ સહાય ભેટ**

૧૧,૦૦૦ શ્રીમતી હેમલતાબેન પ્રવિણભાઈ શાહ (મંત્રી)
(કનાસાનો પાડો)
ચિ. રાશી વીરેશભાઈ શાહ બેચલર ઓફ સાયન્સ ઈન
એકયુરીય સાયન્સમાં ફર્સ્ટ ક્લાસથી પાસ થયાની ખુશાલીમાં

**આર્થિક સહાય ભેટ**

૧૦,૦૦૦ શ્રી પ્રતૃકા ચેરીટેબલ ટ્રસ્ટ (ફોર્ટ)

**મેડીકલ / શિક્ષણ સહાય ભેટ**

૫,૦૦૦ શ્રી કીરીટભાઈ ચંપકલાલ શાહ
શ્રીમતી શ્વેતા નિરવ પ્રબોધભાઈ શાહના
સિદ્ધિતપ નિમિત્તે (બ્રાહ્મણવાડો)


## શ્રી પાટણ પંચાયત ફંડ સંચાલિત શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા

ટાંગડિયા વાડો, પાટણ-ફોન : ૦૨૭૬૬-૨૨૫૮૫૩

### નૂતન સહાય યોજના

**મુખ્ય આધાર સ્થંભ : રૂા. ૩,૧૧,૦૦૦/- ● સહાયક આધાર સ્થંભ : રૂા. ૧,૧૧,૦૦૦/-**

**કાયમી તિથિ: રૂા. ૩૧,૦૦૦/- ● દાતા ફોટો યોજના : રૂા. ૩૧,૦૦૦/-** રકમ આપનાર દાતાનો ફોટો ભોજનશાળા હૉલમાં મૂકવામાં આવશે.

**વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજના : રૂા. ૨,૫૦૦/-** ચતુર્વિધ સંઘ ભક્તિનો એક દિવસની તિથિનો લાભ મેળવી શકો છો.

**તિથિના દિવસે બોર્ડ પર લાભાર્થીના નામ લખવામાં આવશે.**

**આ સંસ્થાને અપાતું દાન ૮૦-જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે**

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એટલે કે ચતુર્વિધ સંઘ જૈની ગણના જૈનશાસ્ત્રમાં પચ્ચીસમાં તીર્થંકરની બરાબર કરવામા આવેલ છે. એ ચતુર્વિધ સંઘની ભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય આપણા વડીલોએ સ્થાપેલ પાટણની આ ગૌરવવંતી સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી કરતી આવી છે. આપશ્રી પણ આપની ભાવના અનુસાર ઉપરોક્ત કોઈપણ યોજનામાં સહયોગ આપી સમાજસેવાનું અતિ ઉત્કૃષ્ટ કાર્ય કરી શકો છો.

**વધુ વિગત માટે સંપર્ક : શ્રી મહેન્દ્રભાઈ કસ્તુરચંદ શાહ - મો. ૯૮૨૧૦૧૨૫૧૮**

**● સૌજન્ય : મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ. તથા મે. કે. સેવંતીલાલ એન્ડ કું., મુંબઈ ●**

ADVT


## શ્રદ્ધાંજલિ

સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુઃખદ અવસાનની સખેદ નોંધ લઈ, પરિવારના દુઃખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માને ચિરશાંતિ અર્પે એ જ પ્રાર્થના!

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| દશા શ્રીમાળી | મારફતિયામહેતાનો પાડો | નિરંજનભાઈ રસીકલાલ સંઘવી | ૭૬ | અંધેરી | ૩૧-૮-૨૦૧૫ | શ્રાવણ વદ-૩ |
| વિશા પોરવાળ | સોનીવાડો | નયનબાળા બેન હરસુખલાલ શાહ | ૭૮ | ગ્રાંટરોડ | ૦૩-૯-૨૦૧૫ | શ્રાવણ વદ-૫ |
| વિશા શ્રીમાળી | ફોફલીયા વાડો | નવીનચંદ્ર ભીખાચંદ શાહ | ૮૩ | ગોરેગામ | ૦૪-૯-૨૦૧૫ | શ્રાવણ વદ-૭ |
| વિશા શ્રીમાળી | લીમડીનો પાડો | વિપીનચંદ્ર રીખવચંદ શાહ | ૭૬ | કાંદિવલી | ૦૭-૯-૨૦૧૫ | શ્રાવણ વદ-૧૦ |
| વિશા શ્રીમાળી | મહાલક્ષ્મીમાતાનો પાડો | કેસરીચંદભાઈ જીવાચંદ શાહ | ૭૬ | ઘાટકોપર | ૧૨-૯-૨૦૧૫ | શ્રાવણ વદ-૧૪ |
| વિશા શ્રીમાળી | મણિયાતી પાડો | દર્શીની વિરેન્દ્રભાઈ શાહ | ૩૫ | વિલેપાર્લે | ૧૫-૯-૨૦૧૫ | ભાદરવા સુદ-૨ |

*ચક્ષુદાન કરેલ છે ✷ દેહદાન કરેલ છે ● યુવાનીમાં રક્તદાન ● મૃત્યુબાદ ચક્ષુદાન ● ત્વચાદાન ● અંગદાન * * દેહદાન કરો અને કરાવો

# શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત

## શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ, ખલીપુર

**પૂ. આ. હેમચંદ્રાચાર્ય અને કુમારપાળ મહારાજાની પાવન ધરા પર આવેલ શ્રી પાટણ પાંજરાપોળ આયોજન કરે છે...**

## પશુ દત્તક યોજના
## Animal Adoption Drive

**આ યોજનાને સફળ બનાવવા એક મોટું ભંડોળ ભેગું કરવા સહર્ષ રજુ કરે છે...**

# મ્યુઝિકલ પ્રોગ્રામ

World Famous સિતાર માસ્ટર **Niladri Kumar**નું Enchanting Fusion Music

**તા. ૧-૧૧-૨૦૧૫ને રવિવારે સાંજે ૫:૩૦ કલાકે**

**સ્થળ: ભાભા ઑડિટોરિયમ, NCPA, નરીમાન પોઈન્ટ, મુંબઈ - ૨૧.**



- ૨૫૦૦ જેટલા પશુઓની સારસંભાળ લેવામાં આવે છે.
- આપ આપના પરિવાર, મિત્રો અને સગાવહાલાના જન્મદિન, લગ્નોત્સવને ચિરંજીવી બનાવવા શક્ય તેટલા વધુ પશુ દત્તક લેવા અમારી હાર્દિક અપીલ છે.
- શ્રી પાટણ પાંજરાપોળને ગુજરાત સરકાર દ્વારા રાજ્યની સર્વોત્તમ પાંજરાપોળ તરીકે ૨૦૦૬માં બિરદાવી હતી.
- ઓછામાં ઓછા પાંચ પશુઓને દત્તક લેનાર દાતાને કાર્યક્રમના ૨ પાસ આપવામાં આવશે.
- પાંચથી ઓછા પશુઓને દત્તક લેનાર દાતાને availability પ્રમાણે પાસ મળશે.

**• વાર્ષિક પશુ દત્તક યોજના •**

**રૂા. ૧૧,૦૦૦/- (રુપિયા અગિયાર હજાર) એક વર્ષ માટે એક પશુનો નિભાવ ખર્ચ.**

**સંસ્થાને આપેલ દાન ઈન્કમટેક્ષ એક્ટ ૮૦ જી હેઠળ કરવેરામાં રાહતને પાત્ર છે.**

**આ કાર્યક્રમ માત્ર દાતાશ્રીઓ અને આમંત્રિત મહેમાનો માટે મર્યાદિત છે.**

**આ કાર્યક્રમના આમંત્રણ માટે કોઈપણ નીચે જણાવેલ હોદ્દેદારોનો સંપર્ક સાધવો.**


**ટ્રસ્ટીઓ**

| | | | | |
|---|---|---|---|---|
| શ્રી જે.કે. શાહ | શ્રી નિરંજનભાઈ અમૃતલાલ શાહ | શ્રી પ્રદિપભાઈ રમણલાલ શાહ | શ્રી પંકજભાઈ પનાલાલ શાહ | શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહ |
| 9821095939 | 9867326322 | 9820038925 | 9821140181 | 9819294964 |



**હોદ્દેદારો**

| | | | |
|---|---|---|---|
| શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ | શ્રી નિખિલભાઈ રવિન્દ્રભાઈ શાહ | શ્રી નવીનભાઈ ચીમનલાલ મણિયાર | શ્રી શૈલેષભાઈ સેવંતિલાલ શાહ |
| 9820522936 | 9322227643 | 23781459 / 60 | 9323967660 |
| શ્રી મહેન્દ્રભાઈ કસ્તુરચંદ શાહ | શ્રી નરેશભાઈ નેમચંદ શાહ | શ્રી યશવંતભાઈ હરીલાલ ઝવેરી | શ્રી પ્રફુલભાઈ અમૃતલાલ શાહ |
| 9821012518 | 9833564355 | 9820088997 | 9820036407 |


**મ્યુઝિકલ પ્રોગ્રામના પાસ તા. ૨૦ ઑક્ટોબર, ૨૦૧૫ થી મળશે.**


*સંપર્ક :* નિખિલભાઈ રવિન્દ્રભાઈ શાહ, c/o પારકો એન્જિનિયરીંગ કોર્પોરેશન, ૪૯૭, એસ.વી.પી. રોડ, રૂપરાજ બિલ્ડીંગ, ઓપેરા હાઉસ, મુંબઈ-૪.

W.P.P. License No. MR/TECH/WPP-120/South /2015. License to post without prepayment.
PATAN PRATIBIMB ● September 2015 ● PRICE Rs. 2/- ● Posted at Patrika Chennel Sorting Office, Mumbai-400001
Published on 15th of every month on 25th and 26th of everymonth. Postal Regd. No. MCS / O84 / 2015-17

## વરસો દાન મેઘ પ્રવાહ અનરાધાર...

પાટણ સમાજના પરિવારજનોને હાલમાં મળતી સહાયની રકમમાં ચાલુ વર્ષે ૨૫ ટકા સુધીનો વધારો કરવાનું લક્ષ્યાંક રાખેલ છે માટે વધતી જતી પરિવારજનોની માંગણીને પહોંચી વળવા મંડળ દ્વારા **વાર્ષિક ૧.૫ (દોઢ) કરોડનું ફંડ એકત્રિત કરવાનું નિર્ધારેલ છે.** જેમાં દરેક પરિવાર સહભાગી થઈ શકે તેવા શુભ આશયથી **રૂા. એક લાખ, બે લાખ કે ત્રણ લાખની વાર્ષિક દાન યોજના રાખેલ છે. તો અવશ્ય સહભાગી થઈ સમાજ ઉત્કર્ષ** યજ્ઞમાં યથા શક્તિ લાભ લેશો.

**પટ્ટણીઓની અમિરાઈના દર્શન** થાય છે કે સંસ્થાની સમાજની સહાયની વધુ જરૂરિયાતોને પુરી પાડવા, સ્વેચ્છાએ આગળ આવી આ પહેલને, દાનની ઝોળીને છલકાવી દીધી છે. નવા મેનેજમેન્ટના **પ્રથમ છ મહિનામાં જ રૂા. ૧.૨૦ કરોડની રકમ મંડળમાં જમા થઈ ચુકેલ છે.** સૌ દાનવીરોનો અંતઃકરણ પૂર્વક આભાર.

## સબકા સાથ, પાટણ સમાજ કા વિકાસ.

## પાટણના જીવદયા પ્રેમીઓના સ્નેહમિલન માટે ખાસ નિમંત્રણ

**રવિવાર સાંજે તા. ૧ નવેમ્બર, સિતાર માસ્ટર પ્રખ્યાત શ્રી નીલાદ્રી કુમારનું** Enchanting Fusion Music, જુગલબંધીના સંગીત સંધ્યાનો કાર્યક્રમ ભાભા ઓડિટોરિયમ, નરીમન પોઈન્ટ યોજાયેલ છે. શ્રી પાટણ પાંજરાપોળ ૨૫૦૦ પશુઓની જાળવણી અને સુવ્યવસ્થા માટે એક ભંડોળ ઊભુ કરી રહી છે. તેના ભાગ રૂપે **એક વર્ષ માટે રૂા. ૧૧,૦૦૦/-ની પશુ દત્તક યોજના** રાખેલ છે. આમ સૌ ૫ થી ૧૦ પશુઓને દત્તક લઈ પુણ્યાનુંબંધી પુણ્ય ઉપાર્જનનો લાભ મેળવશો. આ દાનવીરોને આમંત્રિત પાસ મળશે.

**જૈનોની રિદ્ધિ, સિદ્ધિ, ઐશ્વર્ય, વૈભવ, સુખાકારિતા, પ્રભાવ અને પ્રતિભા એમને ગળથુથીમાં મળેલ જીવદયાના સંસ્કારને આભારી છે. વ્યક્તિગત અને કૌટુંબિક રીતે આપણે જીવદયા પાળવાથી અને તેને પ્રોત્સાહન આપવાથી સુસ્વાસ્થ્ય અને માનસિક શાંતિનો અનુભવ કરીએ છીએ.**

(વધુ વિગત માટે જુઓ પાનું નં. ૨૩)

### Programs for October / November 2015

| S No | Committee | Day | Date | Tithi | Time | Place | Program |
|---|---|---|---|---|---|---|---|
| 1 | **Program, J. Mahek & V-Parle Chapter** | Sat | **10-Oct** | Bhad V 13 | 6 pm | Jashoda Rang Mandir, | **Dandiya Ras** |
| 2 | **Medical Comm.** | Sun | **01-Nov** | Aso V 6 | 10.00 am | Bombay Hospital New Bldg., 4th Flr. | **Dr. Get - togather** |
| 3 | **Patan Panjrapole** | Sun | **01-Nov** | Aso V 6 | 6.30 pm | Bhabha Auditorium, | **Musical Program** |

### Tentative Programs for Forthcoming Months

| S No | Committee | Day | Date | Tithi | Time | Place | Program |
|---|---|---|---|---|---|---|---|
| 1 | **Education** | Sun | **22-Nov** | Kar S 11 | | Hindi Vidya Bhavan | **Prize Distribution** |
| 2 | **Program** | Sun | **22-Nov** | Kar S 11 | | | **New Year Sneh Sammelan** |
| 3 | **Program** | Sun | **10-Jan** | Posh S 1 | 9 to 1 pm | Yogi Sabhagruh | **Navkar Mantra Jaap** |

## Dandiya Raas

**Program Committee, Jeevan Mahek & Parle Chapter is pleased to organise Dandiya Raas on Saturday evening, 10th October at Jashoda Rang Mandir at Vile Parle** with popular music band, just 3 days prior to the start of Navratri. All youngsters and adults invited to participate fully and enjoy the evening.

TO,

Edited, Printed & Published by MAHENDRA NEMCHAND SHAH on behalf of SHRI PATAN JAIN MANDAL and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service industries, Dadaji Knoddev Cross Road, Byculla, Mumbai-400027. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.